# સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ

અને

યાકિનીમહત્તરાસૂનુ-સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વિરચિત

# હિંસાષ્ટક

શબ્દશઃ વિવેચન



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ
# અને
# હિંસાષ્ટક

## શબ્દશઃ વિવેચન

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા
ષડ્દર્શનવેત્તા પ્રાવચનિક પ્રભાવક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી **મોહજિતવિજયજી મહારાજ** તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા
વિદ્વાન ગણિવર્ય પ. પૂ. શ્રી **યુગભૂષણવિજયજી મહારાજ**

✤ વિવેચનકાર ✤

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✤ સંપાદિકા ✤

**સ્મિતા ડી. કોઠારી**

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ
## અને
# હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦
**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

વીર સં. ૨૫૩૩ ❖ વિ. સં. ૨૦૬૩

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

મૂલ્ય રૂ. ૨૫-૦૦

**卐 આર્થિક સહયોગ 卐**

પરમ પૂજ્ય **ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબ**ના ઉપદેશથી સ્મિતાબેન દિનેશચંદ્ર કોઠારી તથા ડૉ. શ્રી રોહિતભાઈ બાલાભાઈ વોરા તરફથી માતુશ્રી સ્વ. ગજરાબેન અને પિતાશ્રી સ્વ. ડૉ. બાલાભાઈ નરસિંહભાઈ વોરા તથા બહેનશ્રી સ્વ. મેનકાબેન, ભાઈઓ સ્વ. શ્રી કૈલાસભાઈ, સ્વ. ડૉ. શ્રી વિનોદભાઈના આત્મશ્રેયાર્થે આ પુસ્તક માટે આર્થિક સહયોગ આપેલ છે.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

'ગીતાર્થ ગંગા'

૬૯

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❖ મુદ્રક ❖
**મુદ્રેશ પુરોહિત**
સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.

# 卐 : પ્રાપ્તિસ્થાન : 卐

*** અમદાવાદ :**

**"ગીતાર્થ ગંગા"**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ડી-૮૦૪, સમર્પણ ટાવર્સ, ઘરડા ઘર પાસે,
૧૩૨ ફૂટ રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

*** મુંબઈ :**

**નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૯૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર,
જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

*** જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્કસ
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮)-૨૬૭૮૫૧૩

*** સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુ નિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૦૧૩૨૪૪

*** રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

*** BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-53.
☎ (080) (O) 22875262, (R) 22259925

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વ્યાખ્યાનના ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મ. સા.**

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા.**

૧. યોગદષ્ટિસમુચ્ચય
૨. કર્મવાદ કર્ણિકા
૩. સદ્ગતિ તમારા હાથમાં !
૪. દર્શનાચાર
૫. શાસન સ્થાપના
૬. અનેકાંતવાદ
૭. પ્રશ્નોત્તરી
૮. ચિત્તવૃત્તિ
૯. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૦. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૧. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૨. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૫. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૧૬. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી (ભાગ-૧)

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા. સંપાદિત**

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

લેખક :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા.

૧. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?

## हिन्दी

व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) म.सा.

१. जैनशासन स्थापना
२. चित्तवृत्ति
३. श्रावक के बारह व्रत एवं विकल्प
४. प्रश्नोत्तरी

लेखक :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) म.सा.

१. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?

संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ENGLISH

Lecturer : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI M. S.

1. Status of religion in modern Nation State theory

Author : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI M. S.

1. Is Jaina Order Independent Religion or Denomination ?

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનના ગ્રંથો

### ગુજરાતી

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન

૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ॐ ऐँ नमः ।

# સંથારા પોરિસી સૂત્ર

**સૂત્રની પૂર્વભૂમિકા :-**

સાધુને કે પૌષધમાં રહેલા શ્રાવકને રાત્રે સંથારા ઉપર સૂતી વખતે આત્માને તત્ત્વથી ભાવિત કરવા માટે કરવામાં આવતી ક્રિયા સંથારા પોરિસીની ક્રિયા છે.

સંથારા પોરિસીની ક્રિયા કરવાનો પ્રારંભ ઈર્યાપથ પ્રતિક્રમણપૂર્વક કરવામાં આવે છે. ઈર્યાપથનું પ્રતિક્રમણ કરવાથી સાધુ સાધ્વાચારમાં અત્યંત અપ્રમાદભાવવાળા બને છે અને પૌષધમાં રહેલા શ્રાવક ષટ્કાયના પાલનમાં અત્યંત અપ્રમાદભાવવાળા બને છે. ઈર્યાપથનું પ્રતિક્રમણ કર્યા પછી સાધુ કે શ્રાવક આત્માને ભગવાનના ગુણોથી વાસિત કરવા અર્થે ચૈત્યવંદનની ક્રિયા કરે છે, જેથી તીર્થંકરના ગુણોથી ભાવિત થાય. ચૈત્યવંદનના અંતે "જયવીયરાય સૂત્ર" દ્વારા ગદ્ગદિત હૈયે ભગવાનને પ્રાર્થના કરવામાં આવે છે કે ભગવાનની કરાયેલી ભક્તિના ફળરૂપે પોતાને ભવવૈરાગ્યાદિ ભાવો પ્રાપ્ત થાય, અને જયવીયરાય સૂત્રના અંતે 'સુહગુરુજોગો તવ્વયણસેવણા' એ વચન દ્વારા સદ્ગુરુના યોગનો અને સદ્ગુરુના વચન અનુસાર જીવન જીવવાનો અભિલાષ કરવામાં આવે છે. આ અભિલાષથી "સદ્ગુરુનું અવલંબન લઈને આ સંસારસાગરને હું તરી જઈશ, માટે સદા સદ્ગુરુનો યોગ મને મળે અને તેમના વચન અનુસાર જીવન જીવીને હું સંસારસાગરને તરું" એવો સંકલ્પ કરાય છે.

આ રીતે ચૈત્યવંદન દ્વારા ભાવિત થયેલ શ્રાવક કે સાધુ સંથારા પોરિસી સૂત્રને બોલવાનો પ્રારંભ કરે છે.

**સૂત્ર :-**

**'निसीहि, निसीहि, निसीहि,'**

**नमो खमासमणाणं गोयमाईणं महामुणीणं ।।**

**સૂત્રાર્થ :-**

**ત્યાગ કરું છું, ત્યાગ કરું છું, ત્યાગ કરું છું અર્થાત્ મોક્ષને પ્રતિકૂળ એવા મન-વચન અને કાયાના યોગોનો નિરોધ કરું છું, મોક્ષને પ્રતિકૂળ એવા મન-વચન અને કાયાના યોગોનો નિરોધ કરું છું, મોક્ષને પ્રતિકૂળ એવા મન-વચન અને કાયાના યોગોનો નિરોધ કરું છું.**

**ક્ષમાશ્રમણ એવા ગૌતમ આદિ મહામુનિઓને હું નમસ્કાર કરું છું.**

**ભાવાર્થ :-**

**'निसीहि, निसीहि, निसीहि,'**

સૂત્રના પ્રારંભમાં નિસીહિ, ગૌતમ આદિ મહામુનિઓને નમસ્કાર અને નવકાર મંત્ર સહિત કરેમિ ભંતે સૂત્રનો પ્રયોગ ત્રણ વખત કરવામાં આવે છે. નિસીહિના પ્રયોગથી આશ્રવનિરોધ થાય છે અને સંવરભાવ અત્યંત ઉલ્લસિત થાય છે, ગૌતમ આદિ મહામુનિઓને નમસ્કાર કરવાથી તે મહામુનિઓની જેમ અત્યંત અપ્રમાદભાવથી ક્રિયા કરવાની શક્તિનો સંચય થાય છે, નવકાર મંત્રના સૂત્રથી પંચપરમેષ્ઠિને અભિમુખ અત્યંત બહુમાનભાવ થાય છે અને કરેમિ ભંતે સૂત્રથી સામાયિકના પરિણામમાં અત્યંત દૃઢતા આવે છે.

પ્રારંભમાં ત્રણ વખત નિસીહિનો પ્રયોગ કરેલ છે. જોકે એક વખત નિસીહિનો પ્રયોગ કરવાથી પણ મન, વચન, કાયાનો નિરોધ થઈ શકે છે, તોપણ મન, વચન, કાયાનો નિરોધ અત્યંત દુષ્કર હોવાથી ત્રણ વખત 'નિસીહિ' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે અને આ 'નિસીહિ' પ્રયોગથી શબ્દપ્રયોગકાળે એવો અધ્યવસાય હોય છે કે "હું પાપવ્યાપારનો હવે નિષેધ કરું છું અને ગુપ્ત થઈને તે પછી કરવાની ક્રિયાને હું કરીશ, અને તે ક્રિયા પણ હું અત્યંત સંવૃતગાત્રવાળો બનીને કરીશ કે જેથી અનાભોગથી કે સહસાત્કારથી પણ મારી ક્રિયામાં સ્ખલનાની પ્રાપ્તિ થાય નહિ."

'નિસીહિ' એ પ્રકારનો શબ્દપ્રયોગ એ પાપનિરોધની પ્રતિજ્ઞા છે, અને 'નિસીહિ' એ પ્રકારનો શબ્દપ્રયોગ ત્રણ વાર કરવાથી "પ્રતિજ્ઞાનો ભંગ મારા અનિષ્ટનું સાધન છે" એ પ્રકારનો પાપભીરુતાનો અધ્યવસાય પ્રગટે છે અને દૃઢ થાય છે, અને તે અધ્યવસાયથી પ્રતિજ્ઞાને પ્રતિકૂળ પ્રવૃત્તિનું નિવર્તન થાય છે અને પ્રતિજ્ઞાને અનુકૂળ પ્રવૃત્તિમાં દૃઢ યત્ન થાય છે; અને તેનાથી જીવને સૂત્રથી જે લક્ષ્યને અનુકૂળ ઉત્તમ ભાવો કરવાના છે તેને અનુકૂળ એવો ક્ષયોપશમભાવ ઉલ્લસિત થાય છે.

લક્ષ્યના પ્રણિધાનપૂર્વક બોલાયેલા આ નિસીહિના પ્રયોગથી મન, વચન, કાયાના યોગોનો અત્યંત નિરોધ થાય છે, વળી, સંવૃત થયેલા મન, વચન, કાયાના યોગોના કારણે સૂત્ર અને અર્થમાં સમ્યગ્ ઉપયોગ પ્રવર્તે છે; અને સાધક સૂત્ર અને અર્થમાં અત્યંત ઉપયુક્ત થઈને પ્રસ્તુત સૂત્ર બોલે તો સૂત્રમાં બોલાયેલા ભાવોથી તેનો આત્મા અત્યંત ભાવિત બને છે, જેથી નિદ્રાકાળમાં પણ તત્ત્વથી વાસિત અંતઃકરણ રહે છે. તેના કારણે સૂવાની ક્રિયા પણ સાધુને કે પૌષધમાં રહેલા શ્રાવકને માટે પ્રમાદનું કારણ બનતી નથી, પરંતુ ઉત્તરના સંયમજીવન માટે આવશ્યક એવી શક્તિના સંચયનું કારણ બને છે.

**नमो खमासमणाणं गोयमाईणं महामुणीणं ।।**

'નિસીહિ'નો પ્રયોગ ત્રણ વખત કર્યા પછી ક્ષમાશ્રમણ એવા ગૌતમ આદિ મહામુનિઓને નમસ્કાર કરવામાં આવે છે; કેમ કે ગૌતમાદિ મહામુનિઓ ક્ષમાદિ ગુણોવાળા છે અને અપ્રમાદભાવથી સતત ભગવાનના વચન અનુસાર યત્ન કરીને આજીવન મોહના ઉન્મૂલન માટે પ્રવૃત્ત છે. સાધુને કે પૌષધમાં રહેલા શ્રાવકને પણ મનુષ્યભવ પામીને મોહનું ઉન્મૂલન કરવું જ ઈષ્ટ છે, અને ગૌતમાદિ મહામુનિઓને નમસ્કાર કરીને સાધુ કે શ્રાવક પણ તે પ્રકારની શક્તિનો સંચય કરે છે.

સાધુ મોહના ઉન્મૂલનને અનુકૂળ કાંઈક શક્તિસંચયવાળા થયા છે, તેથી સંસારની પ્રવૃત્તિ છોડીને માત્ર એક મોહના ઉન્મૂલનને અર્થે સર્વવિરતિને સ્વીકારેલ છે. આમ છતાં અનાદિ ભવઅભ્યસ્ત પ્રમાદ હોવાના કારણે મોહના ઉન્મૂલનના બદ્ધલક્ષ્યવાળા એવા સાધુને પણ પ્રમાદથી સ્ખલનાઓ થાય છે. તેથી તે

સ્ખલનાઓના પરિહાર અર્થે પૂર્વના ઉત્તમ પુરુષોની સ્મૃતિ કરીને ગૌતમ આદિ મહામુનિઓને નમસ્કાર કરીને અપ્રમાદભાવની શક્તિનો સંચય કરે છે; અને શ્રાવકમાં અપ્રમાદભાવથી મોહના ઉન્મૂલન માટે સર્વ ઉદ્યમ કરવાને અનુકૂળ શક્તિનો સંચય થયો નથી, તેથી મોહના ઉન્મૂલનને અનુકૂળ શક્તિનો સંચય કરવા માટે શ્રાવક પૌષધ આદિ પ્રવૃત્તિ કરે છે, ત્યારે સંથારા પોરિસી સૂત્ર બોલતી વખતે ગૌતમ આદિ મહામુનિઓનું સ્મરણ કરીને તેમની જેમ સંસારના ઉચ્છેદ માટે મહાપરાક્રમ ફોરવવાના અભિલાષવાળા થાય છે. **સાધક, પોતાની શક્તિ ન હોય તેમાં પોતાની શક્તિના સંચય અર્થે તેવી શક્તિ જેમનામાં હોય તેવા મહાપુરુષોનું સ્મરણ કરીને પ્રણિધાનપૂર્વક તેમને નમસ્કાર કરે તો તેમના પ્રત્યેની ભક્તિના પરિણામથી તે પ્રકારની શક્તિનો સંચય થાય છે, એવો નિયમ છે**, તેથી પૌષધમાં રહેલા શ્રાવક પણ સંયમની શક્તિને સંચિત કરવા અર્થે ગૌતમ આદિ મહામુનિઓને નમસ્કાર કરે છે.

આ રીતે જે સાધુ કે શ્રાવક ગૌતમ આદિ મહામુનિઓના અપ્રમાદી જીવનનું અવલંબન લઈને તેમના ગુણોના સ્મરણપૂર્વક તેમને નમનની ક્રિયા કરે, ત્યારે તેમની જેમ મોહના ઉન્મૂલનને અનુકૂળ કંઈક શક્તિનો સંચય થાય છે. આ રીતે ગૌતમ આદિ મહામુનિઓને નમસ્કાર કરીને સંચિત થયેલા શક્તિવાળા સાધક આગળનું સૂત્ર બોલે તો મોહના ઉન્મૂલનને અનુકૂળ સુદૃઢ યત્ન થાય છે.

આ રીતે ત્રણ વખત નિસીહિના પ્રયોગથી અત્યંત ગુપ્ત થઈને, પછી ગૌતમ આદિ મહામુનિઓને નમસ્કાર કરવામાં આવે છે, જેથી સંયમને અનુકૂળ વીર્ય અત્યંત ઉલ્લસિત થાય છે. ત્યારપછી નમસ્કાર મહામંત્ર અને કરેમિ ભંતે સૂત્ર ત્રણ વખત બોલાય છે, જેના કારણે નમસ્કાર મહામંત્ર દ્વારા પંચપરમેષ્ઠિ પ્રત્યેનો બહુમાનભાવ ઉલ્લસિત થાય છે.

પંચપરમેષ્ઠિનાં પદોનું સ્વરૂપ સારી રીતે સમજીને, વિચારીને, તેને બુદ્ધિમાં સ્થિર કરીને 'નમસ્કાર મહામંત્ર'નાં પદો ત્રણ વખત બોલવામાં આવે તો દરેક વખત ચિત્તમાં કોઈ અપૂર્વ ભાવો પેદા થાય છે, તેથી પંચપરમેષ્ઠિ પ્રત્યે અત્યંત આદરભાવ અને પૂજ્યભાવ પ્રગટે છે અને દૃઢ સંસ્કારરૂપે સ્થિર થતાં સંસારના ભાવોથી પર એવું ઉત્તમ ચિત્ત નિષ્પન્ન થાય છે, જે સંસારના નિસ્તરણનું પરમ કારણ બને છે.

વળી, 'કરેમિ ભંતે' સૂત્ર ત્રણ વખત બોલાય છે, જેના કારણે સાધુને સમભાવના પરિણામમાં દૃઢતા આવે છે અર્થાત્ "મેં ત્રિવિધે-ત્રિવિધે સાવદ્ય યોગનો પરિહાર કર્યો છે, તેથી નિરવદ્ય-નિરવદ્યતર ભાવનું સ્ફુરણ થાય તે રીતે મારે મન-વચન-કાયાના યોગોને પ્રવર્તાવવા જોઈએ." એ પ્રકારનો ભાવ ત્રણ વખતના ઉચ્ચારણથી સ્થિર થાય છે.

શ્રાવક પણ અહોરાત્રિ પૌષધ કરે ત્યારે, નિયત કાળમર્યાદા સુધી સર્વ સાવદ્ય પ્રવૃત્તિનો દ્વિવિધ-ત્રિવિધ ત્યાગ કરીને જે સમભાવના પરિણામમાં વર્તે છે, તેની દૃઢતા માટે સંથારા પોરિસી સૂત્રમાં 'કરેમિ ભંતે' સૂત્ર ત્રણ વખત બોલીને યત્ન કરે છે. તેથી શ્રાવકને પણ પૌષધ આદિ કાળમાં સ્વીકારેલ સામાયિકથી પ્રગટ થયેલા પરિણામમાં દૃઢતા આવે છે.

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું એ રીતે 'નવકાર મંત્ર' સહિત 'કરેમિ ભંતે સૂત્ર' ત્રણ વખત બોલીને સામાયિકના પરિણામને અત્યંત દૃઢ કરવા માટે યત્ન કરાય છે, જેથી નિદ્રા અવસ્થામાં પણ સંયમને અનુકૂળ માનસ નષ્ટ ન થાય. સામાયિકના પરિણામને દૃઢ કર્યા પછી ગુણવાન ગુરુ પાસે સાધુ કે પૌષધવ્રતધારી શ્રાવક સંથારા ઉપર સૂવા માટે અનુજ્ઞા માગે છે –**

**સૂત્ર :-**

**अणुजाणह जिट्ठिज्जा !**<br>
**अणुजाणह परमगुरु ! गुरु-गुण-रयणेहिं मंडियसरीरा ! ।**<br>
**'बहुपडिपुन्ना पोरिसी, राइयसंथारए ठामि' ।।१।।**

**સૂત્રાર્થ :-**

**હે જ્યેષ્ઠ આર્યો ! મને અનુજ્ઞા આપો. ગુરુગુણોના રત્નોથી શોભિત શરીરવાળા પરમગુરુ મને અનુજ્ઞા આપો !**

શાની અનુજ્ઞા આપે તે બતાવે છે –

**બહુ સારી રીતે પ્રતિપન્ન=સ્વીકારેલ, પોરિસીવાળો રાત્રિના સંથારામાં રહું ? અર્થાત્ સ્વાધ્યાય આદિ ઉચિત ક્રિયાઓ દ્વારા રાત્રિનો પ્રથમ**

**પહોર સારી રીતે પસાર કર્યો છે, એવો હું, રાત્રિના સંથારામાં રહું ?= એવા મને રાત્રિના સંથારામાં રહેવાની અનુજ્ઞા આપો. ।।૧।।**

**ભાવાર્થ :-**

હે જ્યેષ્ઠ આર્યો ! એ પ્રકારના સંબોધનથી ઘણા ગુણોવાળા અને પોતાનાથી જ્યેષ્ઠ એવા ગુરુને સંબોધન કરીને તેમને પરતંત્ર થવાના અધ્યવસાયથી શિષ્યો અનુજ્ઞા માગે છે.

વળી, તે ગુરુ કેવા છે ? તેની ઉપસ્થિતિપૂર્વક ફરી અનુજ્ઞા માગે છે. તે ગુરુ યોગ્ય શિષ્યોને યોગમાર્ગમાં સમ્યગ્ યત્ન કરાવે તેવા ગુરુના ગુણોરૂપી રત્નોથી સુશોભિત શરીરવાળા છે, માટે પરમગુરુ છે. તેઓની પાસે ફરી અનુજ્ઞા માગીને ગુણવાનના પારતંત્ર્યભાવને શિષ્યો સ્થિર કરે છે. ત્યારપછી સંથારા પોરિસી બોલનાર શિષ્યો ગુણવાન ગુરુને કહે છે કે "મેં રાત્રિનો પ્રથમ પ્રહર સમ્યગ્ સ્વાધ્યાય કરીને આત્માને ભાવિત કરેલ છે, તેથી બહુ સારી રીતે પોરિસી પસાર થઈ છે, અને તેવી પોરિસીને કરનાર એવો હું રાત્રિના સંથારામાં સ્થિર થાઉં ? જેથી દેહના શ્રમને દૂર કરીને ઉત્તરના સંયમયોગોમાં સુદૃઢ પ્રવૃત્તિ કરવા સમર્થ બનું."

અહીં વિશેષ એ છે કે સાધુએ કે પૌષધધારી શ્રાવકે સમભાવની વૃદ્ધિ થાય તે રીતે યત્ન કરવાનો છે, અને પ્રમાદનું પોષણ થાય તેવો યત્ન દૃઢતાપૂર્વક ટાળવાનો છે. તેથી જો શાતાના અર્થે અથવા સૂવા પ્રત્યેના રાગથી સૂવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો સામાયિકનો પરિણામ નાશ પામે. તેથી સાધુ કે પૌષધવ્રતવાળા શ્રાવક સમભાવની વૃદ્ધિના ઉપાય અર્થે દેહનો શ્રમ દૂર કરવો આવશ્યક જણાય તો સૂવાની ક્રિયા કરે. તેનાથી ઉત્તરના સંયમયોગોમાં બલવાન યત્ન થઈ શકે તો તે સૂવાની ક્રિયા સંયમવૃદ્ધિનું કારણ બને. તેથી ગુણવાન ગુરુ પાસે શિષ્ય સૂવા અર્થે અનુજ્ઞા માગે ત્યારે, શિષ્યની સૂવાની ક્રિયા સંયમવૃદ્ધિને અનુકૂળ છે તેમ ગુરુને જણાય, તો ગુણવાન ગુરુ સૂવાની અનુજ્ઞા આપે; અને સંયમવૃદ્ધિ અર્થે સૂવાની આવશ્યકતા ન જણાય તો ગુણવાન ગુરુ શિષ્યને અન્ય સંયમવૃદ્ધિના ઉપાયમાં યત્ન કરવાનું કહે. **॥૧॥**

**અવતરણિકા :-**

**આ રીતે ગુરુ પાસેથી સંથારા પર બેસવાની અનુજ્ઞા લીધા પછી સંથારા પર કઈ રીતે સૂવાની ક્રિયા પોતે કરશે ? તેની સ્મૃતિ કરે છે –**

**સૂત્ર :-**

**अणुज्जाणह संथारं, बाहुवहाणेण वामपासेणं ।**
**कुक्कुडि-पाय-पसारण, अतरंत पमज्जए भूमिं ।।२।।**

**સૂત્રાર્થ :-**

**સંથારા ઉપર સૂવાની અનુજ્ઞા આપો.**

ત્યારપછી કઈ રીતે સંથારા ઉપર સૂવે છે, તેનો નિર્દેશ કરે છે.

**ભૂજાના તકિયા વડે, ડાબા પડખે સૂવે છે.**

કઈ રીતે સૂવાની ક્રિયા કરે છે તે સ્પષ્ટ કરે છે –

**કુક્કુડિય-પાય-પસારણ=કુક્કુડીની જેમ આકાશમાં પાદ પ્રસારણ કરીને સૂવે છે, અતરંત=આકાશમાં પાદ પ્રસારણ કરવા માટે અસમર્થ સાધુ, પમજ્જએ ભૂમિં=ભૂમિનું પ્રમાર્જન કરીને પાદ સ્થાપન કરે છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

ગુણવાન ગુરુને પરતંત્ર થવાના આશયથી શિષ્ય સંથારા ઉપર સૂવાની અનુજ્ઞા માગે છે અને પોતે સંથારા ઉપર કઈ રીતે સૂવાની ક્રિયા કરશે ? તેનું સ્વરૂપ અહીં બતાવે છે, જેથી પોતાને ઉપસ્થિત થાય કે સંયમની મર્યાદા પ્રમાણે સંયમની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારે સૂવાની ક્રિયા મારે કરવાની છે, અને તે પ્રકારે સૂવાની ક્રિયા કરીને પોતે સંયમની વૃદ્ધિ કરી શકે.

ધર્મસંગ્રહ ગાથા-૯૯ની ટીકામાં આ અર્થનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે –

**संस्तारकं चारोहन् सामायिकं वारत्रयमाकृष्य अणुजाणहेत्यादि भणति, अनुजानीत संस्तारकं, पुनश्च बाहूपधानेन वामपार्श्वेन च स्वपिति, कुर्क्कुटिवदाकाशे पादौ प्रसारणीयौ 'अतरन्त'त्ति आकाशे पादप्रसारणाशक्तस्तु भुवं प्रमृज्य पादौ स्थापयति ।**

સાધુએ સંથારામાં બાહુનો તકિયો કરીને ડાબા પડખે સૂવાનું છે અને જેમ કુક્કુડી ઊંધી સૂઈને આકાશમાં પાદનું પ્રસારણ કરીને અર્થાત્ ઊંચા પગ રાખીને સૂવે છે. તેમ સાધુએ આકાશમાં પાદનું પ્રસારણ કરીને સૂવાનું છે. જોકે કુક્કુડી ડાબા પડખે સૂઈ જતી નથી અને સાધુને તો ડાબા પડખે સૂવાનું છે, તેથી ડાબા પડખે સૂતી વખતે જમીનને પાદનો સ્પર્શ ન થાય તે રીતે પાદને આકાશમાં અદ્ધર રાખવાના છે, પરંતુ જમીનને પગનો સ્પર્શ થાય તે રીતે સૂવાનું નથી. આ પ્રકારની સૂવાની ક્રિયાથી સૂવાના કાળમાં પણ સાધુને ગાઢ ઊંઘ ન આવે, સંયમને અનુકૂળ અપ્રમાદભાવ રહે અને શરીરનો શ્રમ પણ દૂર થાય, જેથી ઉત્તરની ક્રિયાઓમાં દૃઢ ઉપયોગ પ્રવર્તાવી શકે.

આ રીતે સાધુએ સૂવાનું છે. પરંતુ આ રીતે સૂવું અતિ દુષ્કર છે. તેથી કોઈ સાધુને આકાશમાં પાદ અદ્ધર રાખવા અશક્ય જણાય તો તેવા સાધુએ ભૂમિનું પ્રમાર્જન કરીને અર્થાત્ જ્યાં પાદનું સ્થાપન કરવું છે ત્યાં ભૂમિનું પ્રમાર્જન કરીને જમીનને સ્પર્શે તે રીતે પાદને સ્થાપન કરીને બાહુના તકિયા વડે ડાબા પડખે સૂવે. **॥૨॥**

**અવતરણિકા :-**

**બીજી ગાથાથી એ ફલિત થયું કે સાધુએ બાહુને તકિયો કરીને ડાબા પડખે કુક્કુડીની જેમ પાદ પ્રસારણ કરીને સૂવે, અને તેમ ન કરી શકે તો ભૂમિનું પ્રમાર્જન કરીને જમીન ઉપર પગ ટેકવીને સૂવે.**

**હવે પગને અદ્ધર રાખીને કે જમીનની ઉપર પગ ટેકવીને સૂવે અને કોઈ કારણે પગને સંકોચ્યા વગર ચાલે તેવું ન હોય ત્યારે કઈ રીતે યતના કરશે, તેની સ્મૃતિ કરે છે –**

**સૂત્ર :-**

**संकोइअ संडासा, उव्वट्टंते अ कायपडिलेहा ।**
**दव्वाईउवओगं, उस्सासनिरुंभणालोए ।।३।।**

**સૂત્રાર્થ :-**

**પગના સંડાસાઓને (=સાંધાઓને) પ્રમાર્જન કરીને પગનો સંકોચ કરે અને પડખું ફેરવવામાં કાયનું પડિલેહણ કરે.**

વળી, સૂતા પછી માત્રુ આદિ માટે ઊઠવું પડે તો શું કરવું જોઈએ, તે બતાવે છે –

**પ્રથમ દ્રવ્યાદિનો ઉપયોગ મૂકે, ત્યારપછી નિઃશ્વાસનો રોધ કરે. ॥૩॥**

**ભાવાર્થ :-**

સાધુ સંથારામાં સૂતા હોય ત્યારે પગ સંકોચ્યા વગર ચાલે તેમ ન હોય તો પગને સંકોચવા અર્થે સંડાસાની પ્રમાર્જના કરે. સંડાસા એટલે સાથળના સંબંધવાળું વાળવાનું સ્થાન. તે સ્થાનને પ્રમાર્જીને સંકોચન કરે, જેથી કોઈ સૂક્ષ્મજીવોની હિંસા થવાની સંભાવના રહે નહિ, અને ઉદ્વર્તન કરે ત્યારે કાયાનું પડિલેહણ કરે અર્થાત્ કાયાનું પડખું ફેરવે ત્યારે જે પડખા તરફ કાયાને ફેરવવાની હોય તે કાયાના ભાગનું પડિલેહણ કરે, અને ઉપલક્ષણથી જે પડખા તરફ ફરવાનું છે, તે ભૂમિનું પણ પ્રમાર્જન કરે.

વળી, સાધુને કાયાનું પડખું ફેરવ્યા વગર ચાલે તેમ હોય તો શાતા અર્થે કાયાનું પડખું ફેરવવાનો પણ નિષેધ છે, પરંતુ કાયાનું પડખું ફેરવ્યા વગર ચાલે તેમ ન હોય અને પડખું ફેરવવાથી જ સૂવાની ક્રિયા દ્વારા સંયમને અનુકૂળ શક્તિ સંચય થાય તેમ જણાય, ત્યારે સાધુને પડખું ફેરવવાની અનુજ્ઞા છે; અને જે પડખા તરફ ફરવાનું છે, તે સ્થાનની કાયાનું વિધિપૂર્વક પ્રમાર્જન કરીને પછી કાયાનું પડખું ફેરવે તે બતાવવા માટે ઉદ્વર્તનમાં કાયાની પડિલેહણા કરવી, તેમ ગાથામાં બતાવેલ છે.

વળી, સૂતા પછી માત્રુ આદિ માટે ઊઠવું પડે ત્યારે સાધક સૌ પ્રથમ દ્રવ્યાદિનો ઉપયોગ મૂકે. તે આ રીતે –

દ્રવ્યથી સાધક વિચારે કે હું કોણ છું ? 'હું પ્રવ્રજિત છું કે ગૃહસ્થ છું' ? તેનો વિચાર કરે, જેથી જો પોતે પ્રવ્રજિત હોય તો પ્રવ્રજિતની મર્યાદાથી પ્રમાર્જના કરતા કરતા ઉત્તરની પ્રવૃત્તિ કરવાની જાગૃતિ આવે, અને જો પોતે પૌષધધારી શ્રાવક હોય તો 'હું પૌષધધારી શ્રાવક છું,' એ પ્રકારના ઉપયોગના કારણે પૌષધની મર્યાદાથી પ્રમાર્જના કરતા કરતા ઉત્તરની પ્રવૃત્તિ કરવાની યતના થાય.

ક્ષેત્રથી સાધુ કે પૌષધધારી શ્રાવક વિચારે કે હું ક્યાં છું ? અર્થાત્ ક્ષેત્રથી હું નીચેના સ્થાને છું ? કે ઉપરના માળે છું ? કે અન્યત્ર છું ? જેથી અંધારામાં

દિશાનો ભ્રમ થાય તો ભીંત આદિ સાથે અથડાવાનો કે ઉપરના માળેથી નીચે પડી જવાનો પ્રસંગ પ્રાપ્ત થાય નહિ.

કાળથી સાધુ કે પૌષધધારી શ્રાવક સૌ પ્રથમ વિચારે કે આ રાત્રિ છે કે દિવસ છે ? જો રાત્રિ હોય તો તે રીતે યતનાપૂર્વક પ્રવર્તન કરે.

ભાવથી સાધુ કે પૌષધધારી શ્રાવક વિચારે કે માત્રુ આદિથી હું પીડિત છું કે નહિ, જેથી માત્રુ આદિથી પીડિત હોય તો માત્રુ આદિ કરી ઉચિત વિધિપૂર્વક પરઠવવાની ક્રિયા કરે, અને જો માત્રુ આદિથી પીડિત ન હોય તો ઉચિત ધ્યાનાદિમાં યત્ન કરે અને પછી આત્માને તત્ત્વથી ભાવિત કરે.

આ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આદિથી ઉપયોગ મૂકવા છતાં પણ નિદ્રા પૂરી ઊડી ન હોય તો નાસિકાના નિરોધ માટે નિઃશ્વાસનું દૃઢ રુંધન કરે. આ રીતે નિઃશ્વાસનો નિરોધ કરવાથી વાયુ રુંધાવાથી નિદ્રા ઊડી જાય, નિદ્રા ઊડી જવાથી પોતે બહાર જવાના સ્થાનના દ્વારને જુએ અને દ્વાર સુધી પ્રમાર્જના કરતો માત્રુ આદિ માટે જાય. જો માત્રુ આદિથી પીડિત ન હોય તો સ્વાંધ્યાય-ધ્યાન આદિમાં યત્ન કરે.

અહીં વિશેષ એ છે કે માત્રુ આદિ જવાની ઇચ્છા થાય અને દ્રવ્યાદિના ચિંતવન વગર ગમન કરે તો સંયમની વિરાધના થવાનો પ્રસંગ આવે. તેથી પ્રથમ દ્રવ્યાદિથી વિચારે કે હું પ્રવ્રજિત છું કે ગૃહસ્થ છું ? જો પ્રવ્રજિત હોય કે પૌષધ વ્રતધારી શ્રાવક હોય, તો તે વ્રતોની મર્યાદાથી માત્રુ આદિ માટે ગમન કરે, જેથી સંયમની વિરાધના ન થાય.

સાધુ કે પૌષધ વ્રતધારી શ્રાવક ક્ષેત્રથી વિચારે કે હું ઉપરના માળે છું કે અન્ય સ્થાને છું ? આનું કારણ સામાન્યથી સાધુ વિહારમાં ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં હોય છે. તેથી ઊંઘમાં પોતે ક્યાં છે, તેની ઉપસ્થિતિ ન હોય અને પોતે ઉપરના માળે હોય અને ચાલવા માંડે તો પડી જવાનો કે સંયમની વિરાધનાનો પ્રસંગ આવે. વળી, આજુબાજુમાં કોઈ હોય તો તેને પીડા થવાનો સંભવ આવે. તેથી પોતે કયા સ્થાનમાં છે, આજુબાજુના સંયોગો કેવા છે, તેનો નિર્ણય કરીને પછી માત્રુ આદિ માટે જવાનું છે.

વળી, સાધુ કે પૌષધ વ્રતધારી શ્રાવક કાળથી વિચારે કે આ રાત્રિ છે કે દિવસ છે ? જો રાત્રિ હોય તો દંડાસનના ઉપયોગપૂર્વક પ્રમાર્જના કરતા કરતા યતનાપૂર્વક જવું જોઈએ.

વળી, ભાવથી વિચારે કે માત્રુ આદિથી હું પીડિત છું કે નહિ ? આ પ્રકારની વિચારણા કરવાથી જો પોતે માત્રુ આદિથી અત્યંત પીડિત હોય તો નજીકના સ્થાનમાં માત્રુ આદિ કરવા માટે યત્ન કરી શકે, અને માત્રુ આદિથી અત્યંત પીડિત ન હોય તો દૂરના સ્થાનમાં માત્રુ આદિ માટે યત્ન કરે; કેમ કે સાંજના પ્રતિક્રમણ પૂર્વે સાધુ કે પૌષધધારી શ્રાવકે માત્રુ આદિ માટે જુદી જુદી નિર્જીવ ભૂમિકાનું અવલોકન કરેલ હોય છે, અને તેની સ્મૃતિ અર્થે પ્રતિક્રમણ પૂર્વે માંડલા કરવામાં આવેલ છે અને પછી આત્માને તત્ત્વથી ભાવિત કરે.

આ રીતે સાધુ કે પૌષધધારી શ્રાવક દ્રવ્યાદિનું ચિંતવન કરીને માત્રુ આદિ માટે જવા તત્પર થાય, છતાં નિદ્રાની કંઈક અસર દેખાતી હોય તો સાધુ કે પૌષધ વ્રતવાળા શ્રાવક સંયમની યતના જાળવી શકે નહિ. તેથી નિદ્રાને અત્યંત દૂર કરવા અર્થે નાસિકાને દૃઢ રીતે દબાવે, જેથી નિઃશ્વાસનો નિરોધ થાય અને નિદ્રા દૂર થાય, એટલે દ્વાર કઈ દિશામાં છે તે જોઈને યતનાપૂર્વક માત્રુ આદિ માટે ગમન કરે. **॥૩॥**

**અવતરણિકા :-**

**સંથારા પોરિસીમાં રાત્રિમાં સંથારા ઉપર સૂવા માટે ગુરુ પાસે પ્રથમ અનુજ્ઞા માંગી. પછી સંથારા ઉપર પોતે કઈ રીતે સૂવાની ક્રિયા કરશે, તેની સ્મૃતિ કરી. સંથારા ઉપર સૂતા પછી પગનો સંકોચ કરવો પડે કે પોતે પડખું ફેરવવું પડે, તો પોતે કઈ રીતે યતના કરશે તેની સ્મૃતિ કરી, અને માત્રુ આદિ માટે ઊઠવું પડે તો કઈ રીતે ઉપયોગને જાગૃત કરવો પડે તેની સ્મૃતિ કરી. હવે રાત્રિમાં કદાચ પોતે કાળ કરી જાય તો પોતાના સંયમના પરિણામો કઈ રીતે અતિશયિત બને, જેથી પરલોક બગડે નહિ, તેના માટે આગારપૂર્વક અનશન કરે છે, જેથી અત્યંત નિર્લેપદશાવાળો ઉપયોગ રહે, અને ઊંઘમાં પણ તે પ્રતિજ્ઞાને અનુરૂપ ભાવો જીવંત રહે તો સુગતિ અવશ્ય પ્રાપ્ત થાય. તે બતાવવા માટે કહે છે –**

**સૂત્ર :-**

**जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्सिमाइ रयणीए ।**
**आहारमुवहिदेहं, सव्वं तिविहेण वोसिरिअं ।।४।।**

**સૂત્રાર્થ :-**

**જો આ રાત્રિને વિષે મારા આ દેહનો પ્રમાદ થાય=મારા આત્માથી દેહ છૂટો પડે અર્થાત્ મારું મૃત્યુ થાય, તો આહાર, ઉપધિ અને દેહ સર્વને ત્રિવિધથી=મનથી, વચનથી અને કાયાથી વોસિરાવું છું=ત્યાગ કરું છું. ।।૪।।**

**ભાવાર્થ :-**

સાધુ સંયમ ગ્રહણ કરે છે ત્યારે સંયમના ઉપકરણરૂપે જ દેહને રાખે છે, ઉપકરણરૂપે જ ઉપધિને રાખે છે અને સંયમના ઉપકરણ એવા દેહના ઉપષ્ટંભન અર્થે જ આહાર ગ્રહણ કરે છે. સંયમના સાધન સિવાય સર્વ વસ્તુનો સાધુએ પૂર્વમાં ત્યાગ કર્યો છે. આમ છતાં મૃત્યુ સમયે દેહનો અને કષાયનો અત્યંત સંકોચ કરવા અર્થે આહાર આદિ સર્વનો ત્યાગ કરવા માટે શક્તિ હોય તો પાદપોપગમન અનશન ગ્રહણ કરે છે, અને તે વખતે સર્વથા આહારનો, ઉપધિનો અને દેહનો ત્યાગ કરીને શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટે મહાધ્યાનમાં ઉદ્યમ કરે છે.

સૂતી વખતે પણ જો કદાચ રાત્રે નિદ્રામાં મૃત્યુ થઈ જાય તો ધર્મના ઉપકરણરૂપ આહાર, ઉપધિ અને દેહ પ્રત્યે અપ્રતિબદ્ધ થવા અર્થે સંકલ્પ કરે છે કે જો રાત્રિમાં મારું મૃત્યુ થાય તો આહાર, ઉપધિ અને દેહ વગેરે સર્વ વસ્તુઓને મનથી, વચનથી અને કાયાથી વોસિરાવી દઉં છું. આ પ્રકારના સંકલ્પના બળથી સર્વ પદાર્થો પ્રત્યે અત્યંત અપ્રતિબદ્ધ માનસ જાગૃત થાય છે, જેથી ઉપયોગપૂર્વક કરાયેલા આ સંકલ્પના સંસ્કારની અસરથી ભાવિત થયેલો આત્મા કદાચ રાત્રિમાં મૃત્યુ થાય તો વિશેષ પ્રકારના શુદ્ધ ભાવપૂર્વક મૃત્યુ પામે, જેથી યોગમાર્ગને અનુકૂળ એવો ઉચિત જન્મ પ્રાપ્ત થાય.

**અવતરણિકા :-**

**આ રીતે ભાવના કરવાથી નિદ્રામાં કદાચ સાધુ કે પૌષધ વ્રતવાળા શ્રાવકનું મૃત્યુ થાય તોપણ સદ્ગતિનો ભંગ ન થાય તે માટે સંથારા પોરિસીમાં તે સાગારી=આગાર સહિત, અનશન સ્વીકારે છે, તે બતાવ્યું. હવે પાપ પ્રત્યેની અત્યંત જુગુપ્સાને ઉલ્લસિત કરવા અર્થે પ્રથમ અરિહંતાદિ ચારનાં શરણો સ્વીકારવાનાં છે, અને તે ચારનાં શરણો કેમ સ્વીકારવાનાં છે તે સ્પષ્ટ કરવા અર્થે ભાવના કરે છે –**

**સૂત્ર :-**

**चत्तारि मंगलं, अरिहंता मंगलं, सिद्धा मंगलं, साहू मंगलं, केवलिपन्नत्तो धम्मो मंगलं ।।५।।**

**સૂત્રાર્થ :-**

**ચાર મંગલ છે : અરિહંતો મંગલ છે, સિદ્ધો મંગલ છે, સાધુઓ મંગલ છે અને કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ મંગલ છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

આત્માને માટે જે કલ્યાણનું કારણ હોય તે મંગલ. **मङ्गलाति इति मङ्गलम्**= કલ્યાણને લાવે એ મંગલ છે, એ પ્રકારની મંગલ શબ્દની વ્યુત્પત્તિ છે.

આ જગતમાં આ ચારનું અવલંબન લઈને થતો ભાવ આત્માના કલ્યાણની પરંપરાને લાવનારો છે, તેથી મંગલ છે. આમ છતાં આ ચારેને અવલંબીને કરાતો ભાવ 'મંગલ છે' એવી બુદ્ધિ ન થાય તો તે ચારને અવલંબીને કરાતો આ વચનપ્રયોગ પણ કલ્યાણનું કારણ બને નહિ. માટે 'આ ચાર મંગલ છે,' એ પ્રકારનો ભાવ ઉલ્લસિત કરવા અર્થે પ્રથમ બોલાય છે કે 'ચાર મંગલ છે'

ચાર મંગલમાંથી પ્રથમ મંગલસ્વરૂપ એવા અરિહંત, સર્વ અંતરંગ શત્રુઓનો નાશ કરીને પૂર્ણ શુદ્ધ થવાની તૈયારીમાં છે, અને જગતના જીવોને પૂર્ણ શુદ્ધ થવા માટેનો માર્ગ, ઉપદેશ અને આચરણ દ્વારા બતાવનારા છે, અને તેમના વચન અનુસાર યત્ન કરવામાં આવે તો અવશ્ય જીવ પૂર્ણ શુદ્ધ થાય છે, માટે અરિહંતો મંગલ છે.

વળી, જેમ અરિહંત ભગવંતો મંગલ છે તેમ સિદ્ધ ભગવંતો મંગલ છે; કેમ કે તેઓ સર્વ કર્મરહિત શુદ્ધ આત્મતત્ત્વને પામેલા છે અર્થાત્ કલ્યાણની પરંપરાના અંતિમ ફળને પામેલા છે. તેથી સિદ્ધોને મંગલરૂપે ઉપસ્થિત કરવાથી આત્મામાં કલ્યાણને અનુકૂળ ઉત્તમ ભાવો થાય છે.

વળી, જેમ અરિહંતો અને સિદ્ધો મંગલ છે, તેમ સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ માટે પૂર્ણ શક્તિથી ઉદ્યમ કરનારા સાધુઓ મંગલ છે; કેમ કે સિદ્ધ અવસ્થાના પ્રબળ કારણીભૂત એવા યોગમાર્ગનું શક્તિના પ્રકર્ષથી સેવન કરે છે. અહીં 'સાધુ' શબ્દથી આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર આદિ સર્વનો પણ સંગ્રહ કરવાનો છે.

વળી, જેમ અરિહંતો, સિદ્ધો અને સાધુઓ મંગલ છે, તેમ કેવલી પ્રરૂપિત ધર્મ મંગલ છે; કેમ કે સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય સર્વજ્ઞે કહેલો ધર્મ છે, અને તે ધર્મના સેવનથી જીવ સર્વ કલ્યાણની પરંપરાને પામીને અંતે પૂર્ણ સુખમય એવી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે. જોકે આ કેવલીથી પ્રરૂપિત ધર્મ સાધુથી અપૃથગ્ભૂત છે, તેથી 'સાહૂ મંગલં'માં તેનો અંતર્ભાવ થઈ શકે, તોપણ કેવલીથી પ્રજ્ઞપ્ત ધર્મ શાશ્વત હોવાથી 'સાહૂ મંગલં'માં તેનો અંતર્ભાવ ન કરતાં '**केवलिपन्नत्तो धम्मो मंगलं**' પૃથગ્ ગ્રહણ કરેલ છે.

આનાથી એ ફલિત થાય કે જીવ માટે કેવલીથી પ્રરૂપણા કરાયેલો ધર્મ સર્વ કલ્યાણનું કારણ છે, અને તેને સેવીને અરિહંતો અરિહંત થયા છે અને અરિહંત થયા પછી તે ધર્મ લોકોને બતાવ્યો; અને કેવલીથી બતાવાયેલા ધર્મના સેવનના ફળરૂપ સિદ્ધ અવસ્થા છે, માટે આ ચાર મંગલ છે. આ ચાર સિવાય જીવને માટે કલ્યાણનું કારણ જગતમાં અન્ય કોઈ વસ્તુ નથી. **॥૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં અરિહંતાદિ ચાર મંગલ છે, તેમ કહ્યું. અરિહંતાદિ ચાર મંગલ કેમ છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**चत्तारि लोगुत्तमा, अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा;**
**साहू लोगुत्तमा, केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो ।।६।।**

**સૂત્રાર્થ :-**

**ચાર લોકોત્તમ છે, અરિહંતો લોકોત્તમ છે, સિદ્ધો લોકોત્તમ છે, સાધુ લોકોત્તમ છે, કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ લોકોત્તમ છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

આ ચાર વસ્તુ અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ જગતમાં સર્વશ્રેષ્ઠ વસ્તુ છે. અહીં આ ચારેને લોકોત્તમ કહ્યા, તેમાં 'લોક' શબ્દથી સર્વ જીવોનો અને સર્વ જીવોના ભાવોનો સંગ્રહ કરવાનો છે. સર્વ જીવોમાં અરિહંત, સિદ્ધ અને સાધુ લોકોત્તમ છે, અને જીવવર્તી સર્વ ભાવોમાં કેવલીથી પ્રરૂપાયેલો ધર્મ લોકોત્તમ છે. જીવની શ્રેષ્ઠ અવસ્થા એ સિદ્ધ અવસ્થા છે, માટે સિદ્ધ લોકોત્તમ છે. તેની પ્રાપ્તિની આસન્ન ભૂમિકામાં અરિહંતો છે, અને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિનો માર્ગ બતાવનારા છે, માટે અરિહંતો લોકોત્તમ છે; અને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિમાં પૂર્ણ ઉદ્યમવાળા સાધુ છે, માટે સાધુ લોકોત્તમ છે; અને સર્વજ્ઞે બતાવેલો ધર્મ સિદ્ધ અવસ્થામાં વિશ્રાંત કરનાર છે માટે લોકોત્તમ છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**અરિહંતાદિ ચાર લોકોત્તમ છે, માટે જીવના કલ્યાણનું પરમકારણ છે, તેથી અરિહંતાદિ ચારને મંગલ કહેલ છે. હવે તે ચાર જેમ મંગલ છે તેમ શરણ સ્વીકારવા યોગ્ય પણ છે; કેમ કે તેમનું શરણ સ્વીકારવાથી આ સંસારમાં જીવનું રક્ષણ થાય છે. તેથી હવે સાધુ કે પૌષધધારી શ્રાવક આ ચારના શરણનો સ્વીકાર કરે છે તે બતાવે છે –**

**સૂત્ર :-**

**चत्तारि सरणं पवज्जामि, अरिहंते सरणं पवज्जामि,**
**सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि,**
**केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ।।७।।**

**સૂત્રાર્થ :-**

**હું ચારનું શરણું સ્વીકારું છું, હું અરિહંતનું શરણું સ્વીકારું છું, હું સિદ્ધનું શરણું સ્વીકારું છું, હું સાધુનું શરણું સ્વીકારું છું, હું કેવલીપ્રજ્ઞપ્ત ધર્મનું શરણું સ્વીકારું છું. ।।૭।।**

**ભાવાર્થ :-**

અરિહંતાદિનો અરિહંતાદિના સ્વરૂપથી બોધ કરીને તે અરિહંતાદિના ભાવો પ્રત્યેના બહુમાનપૂર્વક તેમના સ્વરૂપની ઉપસ્થિતિ કરવી, તે શરણ સ્વીકાર છે. યોગશતકમાં કહ્યું છે કે –

**तत्तत्स्वभावतया अभिध्यानं शरणं**=તે તે સ્વભાવપણાથી અભિધ્યાન=ચિંતવન, એ શરણ છે.

આ રીતે શરણ સ્વીકારવાથી અશરણ એવા જીવને રક્ષણની પ્રાપ્તિ થાય છે, અને રક્ષણ એટલે ચિત્તની શાંતતાની પ્રાપ્તિ અર્થાત્ સંસારનું પારમાર્થિક સ્વરૂપ વિચારવાથી વિચારકને સંસારનો ભય પેદા થાય છે, અને "બહુમાનપૂર્વક આ ચારનું શરણું સ્વીકારવાથી પોતે ભયાનક પણ સંસારમાં સુરક્ષિત છે," એવો બોધ થવાથી ચિત્તની સ્વસ્થતાની પ્રાપ્તિ થાય છે; અને સ્વસ્થતા પામેલું ચિત્ત ઉત્તરમાં જે પાપસ્થાનકોની નિંદા કરવાની છે, તેની નિંદા કરીને તે પાપસ્થાનકોના ભાવોથી આત્માનું રક્ષણ કરવા સમર્થ બને છે અને સંસારના પરિભ્રમણની વિડંબનાથી બચે છે.

જે સાધક સાધુ કે શ્રાવક ઉપયોગ અને સંવેદનાપૂર્વક 'અરિહંતાદિનું શરણું સ્વીકારું છું,' એ પ્રમાણે બોલે છે તેનું ચિત્ત શાંત બને છે. તેથી આગળ કહેવાશે તે આત્મામાં રહેલા પાપસ્થાનકોના સંસ્કારો કાઢવા માટે સતત ઉદ્યમ કરી શકે

છે અને અઢાર પાપસ્થાનકો પ્રત્યે અત્યંત દ્વેષ થાય તેવા સંસ્કારો આત્મામાં આધાન કરવા સમર્થ બની શકે છે. ॥૭॥

**અવતરણિકા :-**

**આ રીતે અરિહંતાદિનું શરણું સ્વીકાર્યા પછી સાધુ કે પૌષધધારી શ્રાવક પાપસ્થાનકોને વોસિરાવે છે; કેમ કે સંસારના પરિભ્રમણના કારણીભૂત અઢાર પાપસ્થાનકોને આત્મામાંથી ઉન્મૂલન કરવા માટે તેઓ સતત યત્ન કરી રહ્યા છે. સાધુ જો ભાવથી સાધુ હોય તો અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કરેલો હોય છે અને પૌષધ વ્રતધારી શ્રાવક પણ ભાવથી પૌષધવાળા હોય તો પૌષધકાળમાં અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કરેલો હોય છે. તેથી તે પાપસ્થાનકો પ્રવ્રજ્યાકાળમાં કે પૌષધકાળમાં વર્તમાનમાં ઉપયોગરૂપે પ્રવર્તતા નથી, આમ છતાં આત્મામાં તે પાપસ્થાનકોના સંસ્કાર સર્વથા નાશ પામ્યા નથી. તેથી નિમિત્ત મળે તો પાપસ્થાનકો ફરીથી જાગૃત થાય તેવાં પણ છે. વળી, સાધુ કે પૌષધ વ્રતવાળા શ્રાવક પ્રમાદભાવવાળા બને તો આ પાપસ્થાનકોના સંસ્કારો સંયમજીવનમાં અતિચાર લગાડે તેવા પણ છે. તેથી પાપસ્થાનકોના 'અકરણના નિયમ'ને નિષ્ઠા સુધી પહોંચાડવા માટે 'તે પાપસ્થાનકોને હું વોસિરાવું છું' એ પ્રકારના ભાવોને સદા ઉલ્લસિત રાખવા માટે સંથારા પોરિસીમાં સાધુ કે પૌષધ વ્રતવાળા શ્રાવક અઢાર પાપસ્થાનકોને આ રીતે વોસિરાવે છે -**

**સૂત્ર :-**

**पाणाइवायमलिअं, चोरिक्कं मेहुणं दविणमुच्छं ।**
**कोहं माणं मायं, लोहं पिज्जं तहा दोसं ।।८।।**
**कलहं अब्भक्खाणं, पेसुन्नं रइ-अरइ-समाउत्तं ।**
**परपरिवायं मायामोसं मिच्छत्तसल्लं च ।।९।।**
**वोसिरिसु इमाइं मुक्खमग्ग-संसग्ग-विग्घभूआइं ।**
**दुग्गइनिबंधणाइं, अट्ठारसपावठाणाइं ।।१०।।**

**સૂત્રાર્થ :-**

**પ્રાણાતિપાત, અલીક=મૃષાવાદ, ચોરિક્કં=અદત્તાદાન, મેહુણં= મૈથુન, દવિણમુચ્છં=દ્રવ્યની મૂર્છા=પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, પિજ્જં= રાગ તહા=દોસં=અને દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પેસુન્નં=પૈશુન્ય=ચાડી, રઈ-અરઈ-સમાઉત્તં=રતિ-અરતિથી યુક્ત, પરપરિવાદ, માયામોસં=માયા-મૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય, મુક્ખમગ્ગ-સંસગ્ગ-વિગ્ઘભૂઆઈ= મોક્ષમાર્ગના સંસર્ગમાં વિઘ્નભૂત, દુગ્ગઈ નિબંધણાઈ અટ્ઠારસ પાવઠાણાઈ=દુર્ગતિનાં કારણ એવાં આ અઢાર પાપસ્થાનકોને હું વોસિરાવું છું. ।।૮-૯-૧૦।।**

**ભાવાર્થ :-**

જીવમાં મોહનીયકર્મના કારણે અઢાર પાપસ્થાનક પ્રગટ થાય છે અને અઢારે પાપસ્થાનકોનો સંપૂર્ણ નાશ થાય તો જીવ વીતરાગ બને છે. જીવમાં જેમ કર્મરૂપે મોહનીયકર્મ વિદ્યમાન છે તેમ આત્મામાં મોહના સંસ્કારો પણ વિદ્યમાન છે. આ મોહનીયકર્મના ઉદયના કારણે અને મોહના સંસ્કારો નીચે આત્માનો ઉપયોગ પ્રવર્તતો હોય તો અઢાર પાપસ્થાનકોમાંથી યથાયોગ્ય પાપસ્થાનકો જીવમાં વર્તતાં હોય છે.

પાપનું સ્વરૂપ જાણીને તેના ઉન્મૂલનના અધ્યવસાયથી શાસ્ત્રવચન અનુસાર શારીરિક, વાચિક માનસિક ક્રિયાને પ્રવર્તાવવામાં આવે, તો મોહના સંસ્કારો અને મોહનીયકર્મનો ઉદય પાપસ્થાનકોની મનોવૃત્તિને પેદા કરી શકતા નથી; ઊલટું શાસ્ત્રવચનથી ઉપયુક્ત મન પાપસ્થાનકના સંસ્કારથી વિરોધી સંસ્કારોનું આધાન કરે છે, અને ઉદયમાન મોહનીયકર્મ પાપસ્થાનકની વૃદ્ધિનું કારણ બનતું નથી, પણ પાપસ્થાનકના ઉચ્છેદમાં પ્રવર્તે છે અર્થાત્ ૧૮ પાપસ્થાનકો પ્રત્યે તીવ્ર દ્વેષ પેદા કરે છે. તેથી ૧૮ પાપસ્થાનકો પ્રત્યે તીવ્ર દ્વેષ પેદા કરવા અર્થે અઢાર પાપસ્થાનકોના સ્વરૂપના સમ્યક્ બોધપૂર્વક તે ભાવો પ્રત્યે જુગુપ્સા થાય, અને પાપસ્થાનકથી રહિત એવી જીવની અવસ્થાનો પક્ષપાત થાય, તે પ્રકારના માનસયત્નથી પ્રસ્તુત ગાથાઓ બોલવામાં આવે, તો પાપસ્થાનકના પરિણામથી વિરુદ્ધ સંસ્કારો દૃઢ થાય છે અને ક્રમે કરીને સર્વ પાપસ્થાનકોનો

અત્યંત નાશ થાય છે. તેથી સાધુ કે પૌષધ વ્રતધારી શ્રાવક 'હું પાપસ્થાનકોને વોસિરાવું છું' તેવા પ્રકારના દૃઢ સંકલ્પપૂર્વક પ્રસ્તુત ગાથાઓ બોલે તો અવશ્ય નિદ્રાના નિમિત્તને પામીને પણ પાપસ્થાનકોને અનુરૂપ ભાવો ચિત્તમાં ઊઠે નહિ; અન્યથા નિદ્રાના નિમિત્તને પામીને મોહના સંસ્કારો અને મોહનીયકર્મનો ઉદય કંઈક પાપની મનોવૃત્તિને પ્રગટ કરી શકે અને સંયમમાં મલિનતા પેદા કરે. તેથી તેના રક્ષણ અર્થે સંથારા પોરિસી બોલીને સાધુ કે પૌષધ વ્રતધારી શ્રાવક અઢાર પાપસ્થાનકોને વોસિરાવે છે. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**ચાર શરણાં સ્વીકારીને સંથારા પોરિસીમાં સાધુ કે પૌષધ વ્રતવાળા શ્રાવક, સર્વ પાપો પ્રત્યે ત્યાગની વૃત્તિ કરવા અર્થે અઢાર પાપસ્થાનકોને વોસિરાવે છે. ત્યારપછી એકત્વભાવનાના પ્રકર્ષને અર્થે આત્માને અનુશાસન આપે છે અર્થાત્ પોતાના આત્માને ભાવિત કરે છે –**

**સૂત્ર :-**

**एगो हं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ ।**
**एवं अदीणमणसो, अप्पाणमणुसासइ ।।११।।**
**एगो मे सासओ अप्पा, नाण-दंसण-संजुओ ।**
**सेसा मे बाहिरा भावा, सव्वे संजोग-लक्खणा ।।१२।।**

**સૂત્રાર્થ :-**

**હું એકલો છું, મારું કોઈ નથી, અન્ય કોઈનો હું નથી, આ પ્રમાણે અદીનમનવાળો આત્માને અનુશાસન આપે. ॥૧૧॥**

**મારો આત્મા એકલો છે, શાશ્વત છે, જ્ઞાન-દર્શનથી યુક્ત છે, શેષ સર્વ સંયોગલક્ષણવાળા મારા બાહ્ય ભાવો છે. ॥૧૨॥**

**ભાવાર્થ :-**

હવે એકત્વભાવનાના પ્રકર્ષ અર્થે સાધુ કે પૌષધ વ્રતધારી શ્રાવક આત્માને કેવા પ્રકારનું અનુશાસન આપે છે, તે બતાવે છે –

પરમાર્થથી દરેક દ્રવ્ય પરસ્પર પૃથગ્ છે, કોઈ દ્રવ્યનો પરિણામ એકમાંથી નીકળીને બીજામાં પ્રવેશ પામતો નથી, અને કોઈ અન્ય દ્રવ્યનો પરિણામ આપણા આત્મામાં પ્રવેશ પામતો નથી. આમ છતાં મોહને વશ થયેલા જીવને પોતે અનેક સ્વજનોથી યુક્ત છે, એવો ભ્રમ વર્તે છે. આ ભ્રમને નિવારવા માટે જીવ તત્ત્વદૃષ્ટિથી વિચારે છે કે આ સંસારમાં જીવ એકલો છે, એનું કોઈ નથી અને પોતે પણ અન્ય કોઈનો નથી. આ પ્રકારની વિચારણા કરતી વખતે જો સંગની બુદ્ધિ બળવાન હોય તો દીનતા આવે, અને ઉપયોગ વગર માત્ર શબ્દો બોલી જાય તો કોઈ ભાવો સ્પર્શે નહિ; પરંતુ શબ્દોના અર્થોને સ્પર્શીને 'હું એકલો છું' ઇત્યાદિ વિચારણા કરતી વખતે 'પોતાને સંગ વગરનો ભાવ પ્રગટ કરવો છે,' તેવા પ્રકારના અધ્યવસાયથી બોલે તો અદીનમનવાળો આત્મા થાય છે; કેમ કે વિચારણાકાળમાં 'તે જ પોતાનું પારમાર્થિક સ્વરૂપ છે' એમ ઉપસ્થિત થવાથી, પોતાને જે કાંઈ સંગની વૃત્તિ છે તે મ્લાન-મ્લાનતર થાય છે, અને પોતાના નિર્લેપભાવના બળથી પોતે જગતમાં સુખી છે, તેવો અધ્યવસાય સ્થિર થાય છે; અને તે પ્રકારે ઉપયુક્ત થઈને સાધુ કે પૌષધ વ્રતવાળા શ્રાવક પોતાના આત્માને અનુશાસન આપે તો અદીન બને અને પોતાનામાં વર્તતો અસંગભાવનો પરિણામ દૃઢ થાય છે.

તે સાધક જીવ આ રીતે પોતાનો અસંગભાવ ઉલ્લસિત કરીને 'જો મારો આત્મા એકલો છે તો તે મારો આત્મા પરમાર્થથી કેવો છે,' તેના સ્વરૂપનું ચિંતન કરે છે કે 'કેવળજ્ઞાન અને કેવળદર્શનથી યુક્ત મારો આત્મા શાશ્વત છે, એ સિવાયના સંયોગના લક્ષણવાળા મારા સર્વ ભાવો બાહ્ય ભાવો છે અર્થાત્ મારા આત્માના ભાવો નથી.' આ રીતે વિચારતી વખતે કર્મ અને દેહથી પૃથગ્ સિદ્ધના આત્મા જેવો શાશ્વત મારો આત્મા છે, એ રીતે બુદ્ધિરૂપી ચક્ષુથી તેને દેખાય છે. વળી, જેમ દેહ ઉપર આગંતુક મલ એ દેહ નથી, પરંતુ દેહની મલિન અવસ્થા છે; તેમ આત્માની સાથે કર્મનો સંયોગ, દેહનો સંયોગ, કુટુંબનો સંયોગ, ધન-ધાન્યાદિ વૈભવનો સંયોગ અને તેનાથી જન્ય ભાવો, એ સર્વ આત્માના ભાવો નથી, પરંતુ બહારના ભાવો છે તેમ તેને જણાય છે. તે સર્વ ભાવોથી પૃથગ્ કેવળજ્ઞાન અને કેવળદર્શનમય પોતાનો શાશ્વત આત્મા તેને પરમાર્થરૂપ દેખાય છે. આવા આત્માના સ્વરૂપની ઉપસ્થિતિ થવાથી પોતાના સિદ્ધસ્વરૂપને પ્રગટ કરવાને અભિમુખ તેનું વીર્ય ઉલ્લસિત બને છે, અને

આગંતુક દેહાદિના સંયોગો પોતાના અપારમાર્થિક ભાવ છે તેમ દેખાય છે. તેથી તે ભાવો પ્રત્યે ચિત્ત અસંશ્લેષવાળું બને છે અને સર્વ કર્મથી રહિત એવા શુદ્ધ આત્મા પ્રત્યે ચિત્ત સંશ્લેષવાળું બને છે.

સાધુને બાહ્ય કોઈ વૈભવ નથી તોપણ પોતાના દેહ પ્રત્યે અને પોતાની સાથેના સહવર્તી અન્ય સાધુ પ્રત્યે સંગ ન થાય તેવી જાગૃતિ આ પ્રકારના ચિંતન-મનનથી થાય છે, અને સિદ્ધસદૃશ પોતાનું પારમાર્થિક સ્વરૂપ ઉપસ્થિત થવાથી તદ્અભિમુખ પોતાનો ઉપયોગ પ્રકર્ષવાળો બને છે, અને આ દેહાદિ બાહ્ય ભાવો છે, તે પ્રકારના ઉપયોગથી દેહાદિ પ્રત્યેનો જે અસંગભાવ પોતાને છે તે પણ પ્રકર્ષવાળો બને છે. તેથી સાધુ કે શ્રાવક ઉપયોગપૂર્વક આત્માને અનુશાસન આપે તો ઉત્તરોત્તર યોગમાર્ગની વૃદ્ધિ થાય છે અને નિદ્રા અવસ્થામાં પણ આત્મા તત્ત્વથી ભાવિત રહે છે. **॥૧૧-૧૨॥**

**અવતરણિકા :-**

**આ રીતે આત્માને અનુશાસન આપ્યા પછી સંયોગલક્ષણ સર્વ ભાવો મારા ભાવો નથી, તોપણ તે ભાવોથી પોતાને સાંસારિક સુખની પ્રાપ્તિ થાય છે માટે તે ભાવો અનિષ્ટ નથી, એ પ્રકારની બુદ્ધિ થાય; એના નિવારણ માટે, અનુશાસન આપે છે –**

**સૂત્ર :-**

**संजोगमूला जीवेण, पत्ता दुःक्खपरंपरा ।**
**तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरिअं ।।१३।।**

**સૂત્રાર્થ :-**

**સંયોગમૂળ દુઃખની પરંપરા જીવ વડે પ્રાપ્ત કરાઈ, તે કારણથી સર્વ સંયોગના સંબંધને ત્રિવિધથી=મનથી, વચનથી અને કાયાથી વોસિરાવું છું. ॥૧૩॥**

**ભાવાર્થ :-**

જીવને દેહનો સંયોગ, ધનાદિનો સંયોગ વગેરે મોહ ઉત્પન્ન કરાવીને નવા નવા કર્મબંધની પ્રાપ્તિ કરાવે છે, અને તે કર્મબંધના કારણે જીવ ચારગતિમાં

પરિભ્રમણરૂપ દુઃખની પરંપરા પ્રાપ્ત કરે છે. આ પ્રકારે સંયોગની અનર્થકારિતાનો વિચાર કરીને, તે સંયોગના બીજભૂત બાહ્ય પદાર્થો પ્રત્યેના પ્રતિબંધરૂપ ભાવસંયોગોનો ત્યાગ કરવા અર્થે મહાત્મા વિચારે છે કે 'જે કારણથી આ સંયોગ દુઃખની પરંપરાનું કારણ છે, તે કારણથી મન, વચન અને કાયા દ્વારા સર્વ સંયોગના સંબંધને હું વોસિરાવું છું.' આ પ્રકારના વચનપ્રયોગકાળમાં જો પરમાર્થને જોવાની દૃષ્ટિ ઊઘડી હોય અને પરમાર્થને જોવામાં જીવ ઉપયુક્ત હોય તો તેને જગતના પદાર્થો પ્રત્યેના સંશ્લેષનો પરિણામ સંયોગરૂપ દેખાય છે, અને તે સંયોગનો પોતે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ દ્વારા ત્યાગ કરે છે અર્થાત્ તે સંયોગના પરિણામથી વિરુદ્ધ દિશામાં મન, વચન અને કાયાના યોગોને પ્રવર્તાવવાનો પરિણામ દૃઢતર કરે છે, જેથી તે સંયોગનો પરિણામ ક્રમસર ક્ષીણ ક્ષીણતર થાય છે.

આ પ્રકારનો પરિણામ કરવાથી જીવને પદાર્થો સાથેના સંશ્લેષના પરિણામનો અભાવ પ્રાપ્ત થાય છે, અને પદાર્થ સાથે સંશ્લેષનો પરિણામ ન હોય તો મોહનો પરિણામ તિરોધાન પામે છે. મોહનો પરિણામ તિરોધાન પામે તો મોહના કારણે જે કર્મબંધ થતો હતો, તેનો અભાવ પ્રાપ્ત થાય છે, અને પૂર્વમાં મોહના પરિણામથી જે કર્મબંધ થયો હતો, તેની નિર્જરા પ્રાપ્ત થાય છે, અને જીવ સંયોગના સંબંધના ત્યાગના અધ્યવસાયના પ્રકર્ષથી અસંગભાવને પ્રાપ્ત કરે છે. અસંગભાવનો પ્રકર્ષ ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ દ્વારા વીતરાગભાવની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી વીતરાગતાના અર્થી સાધુ કે પૌષધધારી શ્રાવક સંયોગની અનર્થકારિતાનો વિચાર કરીને સંયોગના પરિણામથી મુક્ત થવાના યત્નપૂર્વક પ્રસ્તુત ગાથાઓથી આત્માને અનુશાસન આપે તો આશ્રવનો રોધ થાય છે, સંવરની વૃદ્ધિ થાય છે અને નિર્જરા દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**આ રીતે ગાથા ૧૧ થી ૧૩ સુધી આત્માને અનુશાસન આપ્યા પછી વિરતિધર આત્મા ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા કરવા અર્થે આત્માને ભાવિત કરે છે –**

**સૂત્ર :-**

**अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।**
**जिणपन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं ।।१४।।**

**સૂત્રાર્થ :-**

**જાવજ્જીવ અરિહંત મારા દેવ છે, સુસાધુ મારા ગુરુ છે અને ભગવાને કહેલું છે તે તત્ત્વ છે, એ પ્રકારનું સમ્યક્ત્વ મારા વડે ગ્રહણ કરાયેલું છે. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

સંસાર અવસ્થામાં જીવને માટે ઉપાસ્ય દેવ તરીકે અરિહંત છે; કેમ કે અરિહંત ભગવંતો આત્માના શત્રુભૂત મોહનો નાશ કરીને વીતરાગ થયા અને વીતરાગ થવા માટેનો યોગમાર્ગ ઉપદેશ અને આચરણ દ્વારા બતાવ્યો. આવા અરિહંતની કર્મકાય અવસ્થા અને સર્વ કર્મરહિત તત્ત્વકાય અવસ્થાને ઉપાસ્યરૂપે સ્વીકારીને તેમાં તન્મય થવામાં આવે તો આપણો પણ આત્મા અરિહંતની તત્ત્વકાય અવસ્થારૂપ સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે. તેથી જીવ માટે ઉપાસ્ય અરિહંત દેવ છે.

સંસારના નાશના અને પરમપદની પ્રાપ્તિના કારણભૂત એવા યોગમાર્ગને જેઓ સર્વ શક્તિથી સેવે છે તેઓ સુસાધુ છે, તેઓને ગુરુ તરીકે સ્વીકારીને તેમના વચન અનુસાર ઉદ્યમ કરવામાં આવે, તો સાધકને સુસાધુની જેમ સર્વ શક્તિથી યોગમાર્ગનું સેવન કરવાની શક્તિનો સંચય થાય છે, તેથી કલ્યાણના અર્થી જીવ માટે સુસાધુ ગુરુ છે.

વળી ભગવાને જે કહેલું છે તે જ જગતમાં યથાર્થ છે, સત્ય છે અને તત્ત્વભૂત છે, અને તે જ તત્ત્વ પરમાર્થથી જીવ માટે એકાંતે કલ્યાણનું કારણ છે.

આ રીતે દેવ, ગુરુ અને તત્ત્વ એ ત્રણ પ્રકારના સ્વીકારરૂપે સમ્યક્ત્વને મેં ગ્રહણ કર્યું છે. સાધુ કે શ્રાવક ભાવના કરે છે કે (i) 'જ્યાં સુધી હું

જીવું ત્યાં સુધી મારા માટે ઉપાસ્ય તરીકે અરિહંત દેવ છે, (ii) જ્યાં સુધી હું જીવું ત્યાં સુધી મારા માટે સુસાધુઓ ગુરુ છે અને (iii) ભગવાને કહેલું એ જ તત્ત્વ છે, અન્ય સર્વ અતત્ત્વ છે, આ પ્રકારનું સમ્યક્ત્વ મારા વડે સ્વીકારાયેલું છે. આ રીતે ઉપયોગપૂર્વક ગાથા બોલવાથી સમ્યક્ત્વનું સ્થિરીકરણ થાય છે, અને જિનવચન અનુસાર યોગમાર્ગમાં ઉદ્યમ કરવાની શક્તિનો સંચય થાય છે.

અહીં વિશેષ એ છે કે યોગમાર્ગનો સાધક ઉપયોગપૂર્વક પ્રસ્તુત ગાથા અનુસાર યત્ન કરે તો ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ પ્રગટે, અને આ ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ સુદેવ, સુગુરુ અને સુધર્મની શ્રદ્ધારૂપ છે, અને આ જ ભાવ પ્રકર્ષને પામીને જિનવચન અનુસાર અપ્રમાદભાવથી યત્ન કરાવીને નૈશ્ચયિક કે ક્ષાયિક સમ્યક્ત્વનું કારણ બને છે.

નૈશ્ચયિક સમ્યક્ત્વ એટલે જેવો યથાર્થબોધ તેવી જ સ્થિર રુચિ અને જેવી સ્થિર રુચિ તેવો જ શક્તિના પ્રકર્ષથી ઉદ્યમ. તેવું નૈશ્ચયિક સમ્યક્ત્વ અપ્રમત્ત મુનિને પ્રગટે છે અને આ નૈશ્ચયિક સમ્યક્ત્વ જ પ્રકર્ષને પામીને વીતરાગતાનું કારણ બને છે. તેથી સાધુ કે શ્રાવક પ્રસ્તુત ગાથામાં અપ્રમાદભાવથી ઉપયુક્ત થઈને સુદઢ યત્ન કરે તો સમ્યક્ત્વ પ્રગટ ન થયું હોય તો પ્રગટ થાય છે, અને સમ્યક્ત્વ પ્રગટ થયું હોય તો વિશુદ્ધ બને છે અને અપ્રમાદભાવની વૃદ્ધિ કરીને પ્રાપ્ત થયેલા સંયમની શુદ્ધિનું કારણ બને છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**સંસારમાં પરિભ્રમણ કરતા જીવથી અનેક જીવોની સાથે વેરઝેરના પ્રસંગો બનતા હોય છે. તેથી સર્વ જીવો સાથે વેરનો અનુબંધ તોડવા માટે સાધુ કે પૌષધધારી શ્રાવક વિશેષ પ્રકારની ભાવના કરે છે, જેથી કોઈ જીવ સાથે વેરનો અનુબંધ પડ્યો હોય તો તે નાશ પામે અને વેરનો અનુબંધ પાડવાની યોગ્યતા પણ નષ્ટ પામે. તે માટે સાધુ કે પૌષધધારી શ્રાવક સર્વ જીવો સાથે ક્ષમાપનાનો પરિણામ કરે છે તે બતાવે છે –**

**સૂત્ર :-**

**खमिअ खमाविअ मइ, खमह सव्वह जीवनिकाय**
**सिद्धह साख आलोयण, मुज्झह, न वइरभाव ।।१५।।**
**सव्वे जीवा कम्मवस, चउदह राज भमंत ।**
**ते मे सव्व खमाविआ, मुज्झ वि तेह खमंत ।।१६।।**

**સૂત્રાર્થ :-**

**खमिअ=क्षमित्वा=ક્ષમા માંગીને, खमाविअ=क्षान्ताः=શાંત કરાયેલા, સર્વ જીવોનો સમુદાય મને ક્ષમા આપો. સિદ્ધની સાક્ષીએ હું આલોચના કરું છું. મને વેરભાવ નથી=મને કોઈ જીવ સાથે વેરભાવ નથી. સર્વ જીવો કર્મને વશ ચૌદ રાજલોકમાં ભમે છે, તે સર્વને મેં ખમાવ્યા છે=ક્ષમા આપી છે, મને પણ તેઓ ક્ષમા આપો. ।।૧૫-૧૬।।**

**ભાવાર્થ :-**

સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને પરસ્પર રાગથી સંબંધ થાય છે, તેમ પ્રસંગે પરસ્પર દ્વેષના ભાવો પણ થાય છે. દ્વેષના ભાવોના કારણે તે તે જીવો સાથે જ્યારે જ્યારે સંબંધ થાય છે ત્યારે પોતાને પણ તેમના પ્રત્યે દ્વેષ થવાની સંભાવના રહે છે. ક્વચિત્ રાગનું નિમિત્ત બલવાન હોય તો દ્વેષ ન પણ થાય, તોપણ નિમિત્તને પામીને દ્વેષના સંસ્કારો જાગૃત થાય છે.

વળી, પોતાની સાથે સંપર્કમાં આવતા અન્ય જીવોને પણ નિમિત્ત પામીને પોતાના પ્રત્યે દ્વેષ થવાનો સંભવ રહે છે. આ અન્ય જીવોના હૈયામાં વર્તતો પોતાના પ્રત્યેનો દ્વેષભાવ નિવારવા પોતે પ્રયત્ન કરે તોપણ તે નિવારણ ન કરી શકે. પરંતુ પોતાના હૈયામાં કોઈ જીવ પ્રત્યે દ્વેષભાવ ન રહે, અને અન્ય જીવોને પણ પોતાના પ્રત્યે દ્વેષભાવ ન રહે, તેવો ઉત્તમ અધ્યવસાય પ્રસ્તુત ગાથાથી વ્યક્ત કરવામાં આવે છે, જેથી સ્વમાં અન્ય જીવો પ્રત્યે દ્વેષભાવ ન રહે અને અન્ય જીવો પણ પોતાના પ્રત્યેના દ્વેષભાવનો ત્યાગ કરે. આવો શુભ અધ્યવસાય સ્વપરમાં પ્રગટ થાય તે હેતુથી સાધુ કે પૌષધધારી શ્રાવક સંથારા પોરિસી વખતે આ પ્રમાણે ભાવના કરે છે –

મેં સર્વ જીવોને ક્ષમા માગીને શાંત કર્યા છે અર્થાત્ મારા પ્રત્યે અન્ય જીવોને જે દ્વેષભાવ હતો તેને શાંત કરવા મેં ક્ષમા માગવા દ્વારા શક્ય પ્રયત્ન કર્યો છે. વળી, સર્વ જીવો પ્રત્યે ભૂતકાળમાં મેં જે દ્વેષભાવ કર્યો છે, તેની ક્ષમાપનાની યાચના કરું છું, અને તે રીતે 'મારા વડે ક્ષમાપનાની યાચના કરાયેલા સર્વ જીવો મને ક્ષમા આપો.' આ પ્રકારનો અધ્યવસાય સિદ્ધભગવંતોની સાક્ષીએ કરું છું કે મને કોઈ જીવો પ્રત્યે વૈરભાવ નથી.

આ રીતે ઉપયોગપૂર્વક પ્રસ્તુત ગાથા બોલવાથી, જગતના કોઈપણ જીવો સાથે પોતે જે વૈરભાવ કરેલો, તેના પોતાના આત્મામાં જે સુષુપ્ત સંસ્કારો પડેલા છે, તેનો નાશ થાય છે; જેથી કોઈ જીવ પ્રત્યે વૈરભાવ થાય નહિ અને પૂર્વમાં વૈરભાવના પડેલા સંસ્કારો પણ નાશ પામે.

વળી, પૂર્વમાં વર્ણન કરાયેલી સર્વ જીવોની ક્ષમાપનાની યાચના પોતે સિદ્ધભગવંતોની સાક્ષીએ કરે છે, અને કહે છે કે **"सिद्धह साख आलोयण"** આ પ્રકારના વચનપ્રયોગથી પોતે સિદ્ધભગવંતોની સાક્ષીએ સર્વ જીવોને ખમાવ્યા છે તેવો સંકલ્પ થાય છે, જેથી સર્વ જીવોને ખમાવવા વિષયક ભાવનો પ્રકર્ષ થાય.

વળી, સિદ્ધભગવંતોની સાક્ષીએ કહે છે કે "મને કોઈ જીવ સાથે વેરભાવ નથી." આ પ્રકારનો વચનપ્રયોગ ઉપયોગપૂર્વક કરવામાં આવે તો આત્મામાં અનાદિકાળના પડેલા વૈરભાવના સંસ્કારો ક્ષીણ ક્ષીણતર થાય છે.

વળી, ક્ષમાપનાના ભાવને અતિશય કરવા અર્થે વિચારે છે કે સર્વ જીવો કર્મને વશ ચૌદ રાજલોકમાં ભમે છે, તે સર્વ જીવોને મેં ખમાવ્યા છે અને તેઓ મને ક્ષમા આપો. આ વચન પૂર્વમાં ઉચ્ચારણ કરાયેલા ક્ષમાના ભાવોને જ અતિશય કરવા અર્થે છે, અને આ પુનઃ ઉચ્ચારણ ભાવશુદ્ધિનું કારણ હોવાથી દોષરૂપ નથી. **॥૧૫-૧૬॥**

**અવતરણિકા :-**

**સંથારા પોરિસીના અંતે સર્વ પાપોને અનુકૂળ એવા માનસનો નાશ કરવા અર્થે વિશેષ પ્રકારની ભાવના કરાય છે, જેથી યોગમાર્ગને અનુકૂળ શક્તિનો સંચય થાય તે બતાવે છે –**

**સૂત્ર :-**

**जं जं मणेण बद्धं, जं जं वायाइ भासिअं पावं ।**
**जं जं काएण कयं, मिच्छा मि दुक्कडं तस्स ।।१७।।**

**સૂત્રાર્થ :-**

**મન વડે જે જે બંધાયું હોય=જે જે પાપ બંધાયું હોય, વચન વડે જે જે પાપ બોલાયું હોય, કાયા વડે જે જે કરાયું હોય=જે જે દુષ્કૃત કરાયું હોય, તે સર્વનું "મિચ્છા મિ દુક્કડમ્" આપું છું. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

કર્મબંધનું કારણ મન, વચન, કાયાની પ્રવૃત્તિ છે. તે જ મન, વચન, કાયાના યોગો શાસ્ત્રવચનથી નિયંત્રિત થઈને પ્રવર્તે, તો પૂર્વમાં બંધાયેલા કર્મના નાશનું કારણ છે. વળી, મન, વચન, કાયાની પ્રવૃત્તિ સાંસારિક ભાવો કરવા દ્વારા આત્મામાં સંસારવૃદ્ધિને અનુકૂળ સંસ્કારોનું આધાન કરવાનું કારણ છે, અને શાસ્ત્રથી નિયંત્રિત એવા તે જ યોગો ગુણવૃદ્ધિ કરાવીને રત્નત્રયીની વૃદ્ધિનું કારણ છે. તેથી સાધુ કે શ્રાવક, પાપને અનુકૂળ એવી મન, વચન, કાયાની પ્રવૃત્તિ પ્રત્યે જુગુપ્સા પેદા કરવા માટે અને શાસ્ત્રાનુસારી મન, વચન અને કાયાને યોગમાર્ગમાં પ્રવર્તાવવા માટે, પ્રસ્તુત ગાથાથી આત્માને ભાવિત કરે છે, જેથી શાસ્ત્રથી અનિયંત્રિત યોગો પ્રત્યે જુગુપ્સા પેદા થાય, અને યોગો સંવૃત બને, અને સંવૃત બનેલા તે યોગો સર્વજ્ઞના વચન અનુસાર અપ્રમાદભાવની વૃદ્ધિ કરીને સર્વ કર્મનો નાશ કરવા સમર્થ બને. તે માટે મારું સર્વ પાપ મિથ્યા થાઓ, એ પ્રમાણે બોલાય છે. **॥૧૭॥**

❖ ✦ ❖

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ॐ ऐँ नमः ।

# હિંસાષ્ટક

**પૂર્વભૂમિકા :-**

જીવોની બાહ્ય હિંસા અને અધ્યવસાયને આશ્રયીને હિંસાના ફળમાં કેટલા વિકલ્પો થઈ શકે છે, તે પ્રસ્તુત અષ્ટકમાં બતાવે છે –

**અવતરણિકા :-**

**જીવોની બાહ્ય રીતે થતી હિંસાથી હિંસાના ફળની પ્રાપ્તિમાં અનેકાન્ત બતાવે છે –**

**શ્લોક :-**

**अविधायापि हि हिंसां, हिंसाफलभाजनं भवत्येकः ।**

**कृत्वाऽप्यपरो हिंसां, हिंसाफलभाजनं न स्यात् ।।१।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વાર્ધ :-**

**હિંસા કર્યા વગર પણ=દ્રવ્યથી કોઈ જીવના પ્રાણ નાશરૂપ હિંસા કર્યા વગર પણ, એક પ્રકારના જીવો હિંસાના ફળના ભાજન થાય છે= હિંસાને અનુકૂળ અધ્યવસાય હોવાથી હિંસાના ફળના ભાજન થાય છે.**

**ઉત્તરાર્ધ :-**

**બીજા પ્રકારના જીવો હિંસા કરીને પણ=દ્રવ્યથી કોઈ જીવના પ્રાણનાશરૂપ હિંસા કરીને પણ, હિંસાના ફળનું ભાજન થતા નથી**

**અર્થાત્ હિંસાકાળમાં હિંસાનો અધ્યવસાય હોવા છતાં પશ્ચાત્તાપ આદિથી હિંસાના પાપનો નાશ થવાથી હિંસાના ફળના ભાજન થતા નથી. ॥૧॥**

❖ અહીં '**अविधायापि**' માં '**अपि**' થી એ કહેવું છે કે એક પ્રકારના જીવો હિંસા કરીને તો હિંસાના ફળના ભાજન થાય છે, પરંતુ બાહ્ય હિંસા કર્યા વગર પણ હિંસાના ફળના ભાજન થાય છે.

❖ અહીં '**कृत्वाऽपि**' માં '**अपि**' થી એ કહેવું છે કે બીજા પ્રકારના જીવો હિંસા ન કરે તો તો હિંસાના ફળના ભાજન થતા નથી, પરંતુ હિંસા કરીને પણ હિંસાના ફળના ભાજન થતા નથી.

**ભાવાર્થ :-**

**પૂર્વાર્ધ-હિંસાના ફળની પ્રાપ્તિ પ્રત્યે બાહ્ય હિંસાનો અનેકાન્ત :-**

સામાન્ય રીતે હિંસા એટલે બીજાના પ્રાણના નાશને અનુકૂળ ક્રિયા, સહચારી પ્રાણનાશ હોય કે ન હોય.

સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો કોઈ હિંસા કરતા નથી, તોપણ હિંસાના વિરામનો પરિણામ નથી, તેથી અવિરતિના ઉદયના કારણે હિંસાના ફળનું ભાજન થાય છે.

વળી, કેટલાક જીવો અન્ય દ્વારા કરાતી હિંસામાં સહાયક થતા હોય છે. તેવા જીવો હિંસા કર્યા વગર પણ હિંસાના ફળનું ભાજન થાય છે.

વળી, કેટલાક જીવો સ્વયં હિંસા કરતા ન હોય, પરંતુ અન્ય દ્વારા કરાતી હિંસામાં અનુમોદનાના પરિણામવાળા હોય છે. તેવા જીવો હિંસા કર્યા વગર પણ હિંસાના ફળનું ભાજન થાય છે.

જેમ –

(i) મોટા મત્સ્યના પાંપણમાં રહેલો તંદુલિયો મત્સ્ય બાહ્ય હિંસા કર્યા વગર ક્લિષ્ટ અધ્યવસાય દ્વારા હિંસાના ફળરૂપે નરકને પ્રાપ્ત કરે છે. તંદુલિયો મત્સ્ય મોટા મત્સ્યના મુખમાં જતા મધ્યમ મત્સ્યોને જોઈને વિચારે છે કે "જો હું આવો મહાકાયવાળો હોઉં તો એક પણ માછલાને છોડું નહિ પણ બધાનું ભક્ષણ કરું." અહીં તંદુલિયો મત્સ્ય તથાવિધ સંયોગ અને સામર્થ્ય ન હોવાને કારણે બાહ્ય રીતે બીજા જીવોની હિંસા કરતો નથી, પણ અંતરંગ રીતે ક્રૂર પરિણતિને કારણે બાહ્ય હિંસા કર્યા વગર પણ નરકના ફળને પ્રાપ્ત કરે છે.

(ii) સંસારી જીવો ગરમી આદિ થતી હોય ત્યારે 'વરસાદ પડે તો સારું.' એ પ્રકારનો વિચાર કરે, તેનાથી વૃષ્ટિ આદિ ન થઈ હોય તોપણ વૃષ્ટિ આદિથી થનારી હિંસાનું અનુમોદન હોવાને કારણે હિંસાના ફળનું ભાજન થાય છે.

(iii) વળી, કેટલાક જીવો વૃષ્ટિ પડે ત્યારે શીતલતાના કારણે પ્રીતિ અનુભવે છે. તેમાં પણ વૃષ્ટિથી થતી હિંસાના અનુમોદનની પ્રાપ્તિ હોવાથી હિંસાના ફળને પ્રાપ્ત કરે છે.

**ઉત્તરાર્ધ-હિંસાના ફળની અપ્રાપ્તિ પ્રત્યે બાહ્ય હિંસાનો અનેકાન્ત :-**

બીજા પ્રકારના જીવો હિંસા કરીને પણ હિંસાના ફળના ભાજન થતા નથી.

જેમ –

(i) કેટલાક જીવો દયાળુ પરિણામવાળા હોય છે, આથી શક્તિસંચય થયો હોય તો સર્વવિરતિ ગ્રહણ કરીને, પ્રાયઃ કરીને જીવની હિંસા ન થાય તે રીતે સમિતિ-ગુપ્તિમાં ઉદ્યમ કરે છે; છતાં સંયમની વૃદ્ધિના પ્રયોજનથી નદી આદિ યતનાપૂર્વક ઊતરે છે ત્યારે, નદી ઊતરવાની પ્રવૃત્તિથી હિંસા થાય છે, તોપણ સમભાવનો પરિણામ હોવાથી, અને સમભાવના પરિણામના કારણે ષટ્કાયના પાલનને અનુકૂળ ઉચિત યતના હોવાથી, હિંસાના ફળનું ભાજન થતા નથી.

(ii) કેટલાક જીવો હિંસા કરીને પાછળથી પશ્ચાત્તાપ આદિ પરિણામવાળા થવાથી હિંસાથી બંધાયેલા કર્મનો નાશ કરે છે, તેઓ પણ હિંસાના ફળનું ભાજન થતા નથી. જેમ દૃઢપ્રહારીએ બ્રાહ્મણ, સ્ત્રી, બાળક અને ગાય; આ ચારની ઘોર હિંસા કરવાના પાપથી નરકના અતિથિ બનવાની તૈયારી કરેલ. પરંતુ બાળકોના વિલાપથી તેમનું ક્રુર હૃદય પીગળ્યું અને વૈરાગ્યરસ વૃદ્ધિ પામ્યા. મહાત્મા પાસે દીક્ષા અંગીકાર કરી અને અભિગ્રહ કર્યો કે "મને મારા પાપનું સ્મરણ થશે ત્યારે હું આહાર ગ્રહણ કરીશ નહિ" અને લોકો દ્વારા તેના પાપની સ્મૃતિ પ્રતિદિન થવાને કારણે છ મહિના સુધી આહાર વગર, સમભાવપૂર્વક લોકોના પ્રહાર-તિરસ્કાર વગેરે ઉપસર્ગો સહન કર્યા. જેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. આ રીતે દૃઢપ્રહારી ઘોર હિંસા કરવા છતાં ઘોર હિંસાના ફળના ભાજન થયા નહિ. **||૧||**

**અવતરણિકા :-**

પૂર્વના શ્લોકમાં હિંસાના ફળની પ્રાપ્તિમાં અનેકાન્ત બતાવેલ. હવે અલ્પ હિંસા કે અધિક હિંસાથી પણ થતા ફળની પ્રાપ્તિમાં અનેકાન્ત બતાવે છે –

**શ્લોક :-**

**एकस्याल्पा हिंसा, ददति काले तथा फलमनल्पम् ।**
**अन्यस्य महाहिंसा, स्वल्पफला भवति परिणामे ।।२।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વાર્ધ :-**

**અને એક પ્રકારના જીવોની અલ્પ હિંસા=દ્રવ્યથી એકેન્દ્રિય આદિની કરાયેલી અલ્પ હિંસા, કાળમાં=વિપાકના કાળમાં, મોટું ફળ આપે છે= ભાવની તીવ્રતાના કારણે મોટું ફળ આપે છે.**

**ઉત્તરાર્ધ :-**

**અન્ય પ્રકારના જીવોની મોટી હિંસા=પંચેન્દ્રિય આદિના વધરૂપ મોટી હિંસા, પરિણામમાં=વિપાકમાં, સ્વલ્પ ફળવાળી છે=અધ્યવસાયની મંદતાને કારણે અથવા હિંસા કર્યા પછી પશ્ચાત્તાપાદિના ભાવોના કારણે હિંસાનાં કર્મો નષ્ટપ્રાયઃ હોવાથી અલ્પફળ આપે છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

**પૂર્વાર્ધ–અલ્પ હિંસાના ફળમાં અનેકાન્ત :-**

કેટલાક જીવો બાહ્યથી હિંસા અલ્પ કરે છે, તોપણ ક્રૂર અધ્યવસાયને કારણે તેનું ઘણું મોટું ફળ મળે છે, એટલું જ નહિ પણ તે અલ્પ હિંસા કરતી વખતે પણ જો દૃઢ વિપર્યાસનો પરિણામ હોય તો અનર્થની પરંપરાને પ્રાપ્ત કરાવે તેવું મહાફળ મળે છે.

જેમ –

ખંધકમુનિએ પૂર્વભવમાં કોઈક ફળની છાલ ઉતારતાં તેવા પ્રકારનો તીવ્ર

અધ્યવસાય કરેલ, જેથી મુનિભાવમાં સંયમના કારણે સામાન્ય પ્રકારનાં કર્મો તો નાશ પામી ગયાં, છતાં ફળની છાલ ઉતારતી વખતે થયેલા તીવ્ર અધ્યવસાયથી બંધાયેલું કર્મ, આવી ઉત્તમ ભૂમિકાવાળી સંયમની અવસ્થામાં પણ વિપાકમાં આવ્યું, જેના ફળસ્વરૂપે ખંધકમુનિની જીવતા ચામડી ઉતારવાના પ્રસંગની પ્રાપ્તિ થઈ. જોકે તેમને બંધાયેલું ક્લિષ્ટકર્મ સાનુબંધ ન હતું, તેથી મુનિભવમાં ફળ આપીને નાશ પામ્યું; પરંતુ તેવા પ્રકારના તીવ્ર અધ્યવસાયથી કોઈ અન્ય જીવ આવી જ અલ્પહિંસા કરે અને દૃઢ વિપર્યાસબુદ્ધિ સહવર્તી હોય, તો આવાં કર્મો વિપાકમાં આવે ત્યારે તે કર્મો જીવમાં ક્લિષ્ટ અધ્યવસાય પેદા કરીને ઘણા અનર્થની પરંપરાને પણ પ્રાપ્ત કરાવે છે. તેથી એકેન્દ્રિય જીવની કરાયેલી અલ્પ હિંસા પણ દૃઢ વિપર્યાસ સહિત હોય તો અનર્થની પરંપરારૂપ ઘણા મોટા ફળને આપે છે.

**ઉત્તરાર્ધ-અધિક હિંસાના ફળમાં અનેકાન્ત :-**

અન્ય પ્રકારના જીવોની મોટી હિંસા પણ પરિણામને આશ્રયીને અર્થાત્ પરંપરા ચલાવે એવા પરિણામને આશ્રયીને અલ્પફળવાળી થાય છે.

જેમ –

કોઈક જીવ એવા પ્રકારના સંયોગોમાં પંચેન્દ્રિય આદિનો વધ પણ કરે, આમ છતાં અધ્યવસાયની ક્લિષ્ટતા નહિ હોવાને કારણે તે કર્મ વિપાકમાં આવે ત્યારે અલ્પ ફળ મળે છે. વળી, તે કર્મ ઘણા ભવો સુધી ફળ આપે તેવી પરંપરાવાળું હોતું નથી, તેથી તે મોટી હિંસા પણ પરિણામને આશ્રયીને અલ્પફળવાળી થાય છે.

વળી, કેટલાક જીવો મોટી હિંસા કરે અને ઘણાં કર્મો બાંધે, આમ છતાં પાછળથી પશ્ચાત્તાપાદિના પરિણામને કારણે તે કર્મને અલ્પ શક્તિવાળું કરે છે અને પરંપરા ચલાવવામાં અસમર્થ કરે છે, તેથી તેમણે કરેલી મહાહિંસા અનુબંધને આશ્રયીને પણ અલ્પફળવાળી છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં અલ્પ હિંસા કે અધિક હિંસાથી થતા ફળની પ્રાપ્તિમાં અનેકાન્ત બતાવેલ. ત્યાં તીવ્ર પરિણામને કારણે અલ્પ હિંસામાં મોટું ફળ હતું અને**

મંદ પરિણામને કારણે મોટી હિંસામાં અલ્પ ફળ હતું. હવે તીવ્ર પરિણામથી કરાયેલી હિંસાના ફળમાં પણ અનેકાન્ત છે અને સહકારીના વૈચિત્ર્યથી પણ હિંસાના ફળમાં અનેકાન્ત છે, તે બતાવવા અર્થે કહે છે –

**શ્લોક :-**

**एकस्यैव सतीव्रस्य, दिशति फलं सैव मन्दमन्यस्य ।**
**भवति सहकारिणामपि, हिंसा (हिंसायाम्) वैचित्र्यमत्र फलकाले ।।३।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વાર્ધ :-**

**એક જ સતીવ્ર એવા અન્ય જીવની, તે જ=પૂર્વગાથામાં જે અલ્પ હિંસા અથવા મોટી હિંસા બતાવી તે જ, હિંસા, મંદ ફળને આપે છે.**

**ઉત્તરાર્ધ :-**

**આ હિંસામાં=પૂર્વમાં જે અલ્પહિંસા કે મહાહિંસા કહી એ જ હિંસામાં, ફળપ્રાપ્તિ વખતે સહકારીનું પણ વૈચિત્ર્ય થાય છે=સહકારીના પણ વૈચિત્ર્યના કારણે ફળમાં વૈચિત્ર્ય થાય છે. ।।૩।।**

❖ '**सहकारिणामपि**' માં '**अपि**' થી એ કહેવું છે કે પરિણામના વૈચિત્ર્યના કારણે તો હિંસાના ફળનું વૈચિત્ર્ય છે, પરંતુ સહકારીના વૈચિત્ર્યના કારણે પણ હિંસાના ફળનું વૈચિત્ર્ય છે.

❖ શ્લોકના ઉત્તરાર્ધમાં '**हिंसा वैचित्र्यमत्र**' ના સ્થાને '**हिंसायाम् वैचित्र्यमत्र**' પાઠ હોવો જોઈએ.

**ભાવાર્થ :-**

**પૂર્વાર્ધ–તીવ્ર પરિણામથી કરાયેલી હિંસાનાં ફળમાં અનેકાન્ત :-**

કેટલાક જીવો ક્રૂરભાવથી હિંસા કર્યા પછી પણ પશ્ચાત્તાપ આદિથી તે કર્મને મંદ કરે છે, તેથી તેનું ફળ અલ્પ મળે છે.

વળી, કેટલાક જીવો તીવ્રતાપૂર્વક હિંસા કર્યા પછી પશ્ચાત્તાપ આદિનો પરિણામ કર્યો ન હોય છતાં કોઈક અન્ય રીતે પુણ્ય બાંધેલું હોય અને તે પુણ્ય

વિપાકમાં આવે તેના કરતાં હિંસાથી બંધાયેલું પાપ બલવાન ન હોય તો તે પુણ્યના ઉદયથી હણાયેલું તે પાપ મંદ ફળને આપે છે. તેથી તીવ્ર ભાવથી કરાયેલા હિંસાના ફળમાં પણ એકાંતે તીવ્ર ફળ મળે તેવો નિયમ નથી, પરંતુ તીવ્ર ભાવથી કરાયેલા હિંસાના ફળમાં પણ અનેકાન્ત છે.

**ઉત્તરાર્ધ-સહકારીના વૈચિત્ર્યના કારણે હિંસાના ફળમાં અનેકાન્ત :-**

શ્લોક-૨ થી કહ્યું તે પ્રમાણે કોઈ જીવ અલ્પ હિંસા કરે અને મહાફળ મેળવે છે, અને કોઈ જીવ મહાહિંસા કરે અને અલ્પ ફળ મેળવે છે. વળી શ્લોક-૩ના પૂર્વાર્ધથી કહ્યું તે પ્રમાણે કોઈ જીવ તીવ્ર ભાવથી હિંસા કરીને પણ અલ્પ ફળ મેળવે છે. એ હિંસામાં, ફળપ્રાપ્તિ વખતે જે સહકારી સામગ્રીની પ્રાપ્તિ થાય છે, તે સહકારીના વૈચિત્ર્યથી પણ ફળમાં વૈચિત્ર્ય થાય છે.

આનાથી એ ફલિત થાય કે કેટલાક જીવોએ સમાન અલ્પ હિંસા કરી હોય અને સમાન મોટું ફળ મળે તેવો અધ્યવસાય પણ કર્યો હોય, આમ છતાં તે સર્વ જીવોમાંથી જે જે જીવોને જે જે પ્રકારના ભિન્ન ભિન્ન સહકારી મળે તે તે પ્રકારે તેઓને હિંસાના ફળના ભેદની પ્રાપ્તિ થાય છે; કેમ કે કર્મ જડ વસ્તુ છે અને તે પોતાનું ફળ આપવામાં સહકારીની અપેક્ષા રાખે છે. તેથી જે જીવોને જે જે પ્રકારના સહકારી મળે છે, તે તે પ્રકારે તે કર્મો ફળ આપવા સમર્થ બને છે. તેથી સમાન હિંસાથી અને સમાન અધ્યવસાયથી બંધાયેલું કર્મ પણ ભિન્ન ભિન્ન સહકારીને કારણે ભિન્ન ભિન્ન જીવોને ભિન્ન ભિન્ન ફળ આપે છે. માટે સહકારીના ભેદથી પણ ફળની પ્રાપ્તિમાં અનેકાન્ત છે.

જેમ –

વીર ભગવાને પૂર્વભવમાં શય્યાપાલકના કાનમાં તપાવેલું સીસું રેડાવેલ, જેના ફળસ્વરૂપે ચરમભવમાં તપાવેલા સીસાને કાનમાં રેડાવવાનો પ્રસંગ પ્રાપ્ત થયેલ નહિ, પણ તે પ્રકારના સહકારીની પ્રાપ્તિના કારણે કાનમાં ખીલા ઠોકાવાનો પ્રસંગ પ્રાપ્ત થયેલ. વળી, કોઈ અન્ય જીવે એવું જ કર્મ બાંધેલું હોય અને એવા પ્રકારના સહકારીની પ્રાપ્તિ થાય તો વિપાકકાળમાં કાનમાં તપાવેલું સીસું રેડાવવાનો પ્રસંગ પણ પ્રાપ્ત થઈ શકે.

આનાથી એ ફલિત થાય કે કોઈપણ બંધાયેલું કર્મ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ; આ પાંચના નિમિત્તને પામીને ઉદયમાં આવે છે, ઉપશમ થાય છે, ક્ષયોપશમ થાય છે કે નાશ પણ પામે છે.

જેમ –

ઢંઢણમુનિને તીવ્ર લાભાંતરાયનો ઉદય હતો અને તે કર્મ વિપાકમાં આવ્યું ત્યારે, જે સંઘાટ્ટક મુનિ તેમની સાથે ગોચરીએ જતા હતા, તેમને લાભાંતરાયનો ક્ષયોપશમ હતો, તેથી તેમને સંયમને ઉપષ્ટંભક નિર્દોષ ભિક્ષા મળે તેમ હતી, આમ છતાં ઢંઢણમુનિ સાથે ભિક્ષા માટે જતા ત્યારે, સહકારી એવા ઢંઢણમુનિરૂપ દ્રવ્યને આશ્રયીને, સંઘાટ્ટક મુનિનું લાભાંતરાય કર્મ નબળું હોવા છતાં વિપાકમાં આવે છે, જેથી તેમને પણ ભિક્ષા મળતી નથી; પરંતુ આ મુનિ અન્ય સંઘાટ્ટક મુનિ સાથે ભિક્ષા માટે જાય છે ત્યારે પોતાના લાભાંતરાય કર્મના ક્ષયોપશમને કારણે શુદ્ધ ભિક્ષા મેળવી શકે છે. તેથી કર્મના ક્ષયોપશમ કે ઉદયમાં જેમ સંઘાટ્ટક મુનિરૂપ દ્રવ્ય કારણ બને છે, તેમ હિંસાના ફળ વખતે પણ જે પ્રકારના સહકારી દ્રવ્ય પ્રાપ્ત થાય તે પ્રમાણે ફળનો ભેદ પ્રાપ્ત થાય છે કે ફળની અપ્રાપ્તિ પણ થાય છે. તેથી જે કર્મ જે અધ્યવસાયથી બંધાયેલું હોય તે અધ્યવસાયને અનુરૂપ ફળ આપવાને અનુકૂળ દ્રવ્ય, ક્ષેત્ર આદિ ન મળે તો ફળ આપ્યા વગર પ્રદેશોદયથી પણ તે કર્મ નાશ પામે છે. આથી જ સામાન્ય રીતે મનુષ્યભવમાં રહેલા જીવોને ચારે ગતિના નામકર્મની સત્તા છે અને તેનો અબાધાકાળ પણ પૂર્ણ થયેલો છે. આમ છતાં પ્રાપ્ત થયેલા મનુષ્યભવના કારણે મનુષ્યગતિનામકર્મ વિપાકથી ઉદયમાં આવે છે અને નરકગતિ, દેવગતિ અને તિર્યંચગતિ ફળ આપ્યા વગર પ્રદેશથી ઉદયમાં આવે છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં સહકારીના વૈચિત્ર્યથી હિંસાના ફળમાં અનેકાન્ત છે તે બતાવેલ. હવે હિંસા કરતાં પૂર્વે, હિંસા કરતી વખતે કે હિંસા કર્યા પછી કે હિંસાનો પ્રારંભ કરવા છતાં હિંસા કર્યા વગર, ફળપ્રાપ્તિમાં અનેકાન્ત છે. તે બતાવે છે –**

**શ્લોક :-**

**(१) प्रागेव फलति हिंसा, (२) क्रियमाणा फलति (३) फलति च कृतार्था, (४) आरब्धा चाप्यकृता फलति हिंसाऽनुभावेन ।।४।।**

**શ્લોકાર્થ :-**

**(૧) હિંસા પૂર્વમાં જ ફળ આપે છે=હિંસાની ક્રિયા પછી થાય છે, પણ હિંસાનું ફળ હિંસાની ક્રિયા પૂર્વે જ મળે છે.**

**(૨) કરાતી એવી હિંસા ફળને આપે છે=જે સમયે હિંસા થાય છે તે જ સમયે હિંસાનું ફળ મળે છે.**

**(૩) કરાયેલી હિંસા ફળ આપે છે=હિંસા કર્યા પછી હિંસાનું ફળ મળે છે.**

**(૪) આરંભ કરાયેલી, પણ નહિ થયેલી એવી હિંસા, અનુભાવથી ફળ આપે છે=કાર્યથી ફળ આપે છે. અર્થાત્ હિંસા નહિ થઈ હોવા છતાં હિંસાનો આરંભ કરનારને હિંસાનું ફળ મળે છે.**

**ભાવાર્થ :-**

હિંસાના કૃત્યનું ફળ આ ભવમાં પણ મળે, ક્યારેક પરભવમાં પણ મળે. તેમાંથી હિંસાનું આ ભવમાં ફળ મળે છે, તેને સામે રાખીને કહે છે :

**(૧) હિંસા કર્યા પૂર્વે હિંસાનું ફળ :-**

કેટલીક વાર હિંસાની ક્રિયા પછી થાય છે, પણ હિંસાનું ફળ હિંસાની ક્રિયા પૂર્વે જ મળે છે.

જેમ –

કોઈને કોઈ વ્યક્તિ પ્રત્યે શત્રુભાવ હોય અને તેથી તે પુરુષ પોતાના શત્રુની હિંસા કરે તે પૂર્વે જ તે શત્રુ તરફથી પોતાને કોઈ અનર્થની પ્રાપ્તિ થાય, તો તે સ્થાનમાં શત્રુની કરાએલી હિંસાનું ફળ પોતાને પૂર્વમાં પ્રાપ્ત થાય છે. વળી, કોઈ જીવ પોતાના શત્રુની હિંસા કરવાનો અધ્યવસાય કરે, અને તે અધ્યવસાયના કારણે પોતાની કોઈ પાપપ્રકૃતિ ઉદયમાં આવે, જેનું ફળ પોતાને મળે, ત્યાર

પછી તે પોતે શત્રુની હિંસા કરે. તેવા સ્થાનમાં શત્રુની કરાયેલી હિંસાનું ફળ પોતાને પૂર્વમાં જ પ્રાપ્ત થાય છે.

**(૨) કરાતી એવી હિંસા ફળને આપે :-**

જે સમયે હિંસા થાય તે જ સમયે તેનું ફળ મળે છે. જેમ, કોઈના પ્રત્યે દુશ્મનાવટ હોય અને તેને મારવા માટે પ્રયત્ન કરવામાં આવે, તે વખતે તે દુશ્મન જ પોતાને મારી નાખે, ત્યારે કરાયેલી દુશ્મનની હિંસા, હિંસા કરવાના ક્રિયાના કાળમાં જ પોતાને મૃત્યુનું ફળ આપે છે. જેમ સાપ નોળિયાને મારવા માટે યત્ન કરતો હોય ત્યારે પરસ્પરની લડાઈમાં બન્ને મરી જાય તો સાપથી કરાતી હિંસા, ક્રિયાકાળમાં જ સાપને હિંસાનું ફળ મૃત્યુ આપે છે.

**(3) કરાયેલી હિંસા ફળ આપે :-**

હિંસા કર્યા પછી હિંસાનું ફળ મળે છે. જેમ કોઈને કોઈના પ્રત્યે શત્રુભાવ હોવાના કારણે તેની હિંસા કરી, ત્યારપછી જેની હિંસા તેણે કરી તેના સંબંધી આદિથી પોતાને તે હિંસાનું ફળ મળે, તે કરાયેલી હિંસાનું ફળ છે.

**(૪) આરંભ કરાયેલી, પણ નહિ થયેલી એવી હિંસા અનુભાવથી ફળ આપે :-**

હિંસા નહિ થઈ હોવા છતાં હિંસાનો આરંભ કરનારને હિંસાનું ફળ મળે છે. જેમ કોઈને કોઈના પ્રત્યે શત્રુતા હોય અને તેને મારવા માટે પ્રયત્ન કર્યો, પરંતુ તે પ્રયત્નથી શત્રુની હિંસા થઈ નહિ, પરંતુ તે હિંસા માટે કરાયેલા પ્રયત્નથી પોતાને હિંસાનું ફળ મળે છે, તે આરંભ કરાયેલી પણ નહિ થયેલી હિંસાનું કાર્ય છે.

જેમ –

દામનકને મારવા માટે તેના સસરાએ દામનકને કુળદેવી પાસે ભોગ ધરાવવા માટે મોકલ્યો. રસ્તામાં સાળો મળ્યો અને કહ્યું કે "લાવ, હું જ કુળદેવીને ભોગ આપી આવું છું" અને સસરાએ દામનકને મારવા માટેનું કાર્ય જે કોઈકને સોંપેલું, તેનાથી પોતાના જ પુત્રનો નાશ થયો, અને તે સાંભળીને સસરો સ્વયં

પોતે પણ મૃત્યુ પામે છે. તેથી દામનકના નાશ માટે આરંભ કરાયેલી પણ નહિ થયેલી એવી હિંસા, અનુભાવથી=કાર્યથી, પોતાને ફળનું કારણ બની.

વળી, હિંસાના આ ચારે પ્રકારનાં ફળને પ્રાપ્ત કરનારા જીવો હિંસા કરે અથવા હિંસા કરવાનો અધ્યવસાય કરે, તેનાથી બંધાયેલા કર્મનું ફળ હિંસા કર્યા પછી મળે પણ ખરું, અને ન પણ મળે. જો હિંસા કર્યા પછી વિશુદ્ધ અધ્યવસાય થાય તો હિંસાથી બંધાયેલું પાપ નાશ પામી જાય, માટે હિંસાના ફળની પ્રાપ્તિ થાય નહિ. અથવા તો તથાવિધ પુણ્ય બાંધેલું હોય અને તે પુણ્યની સામગ્રી પાછળથી પ્રાપ્ત થાય અને હિંસાથી બંધાયેલા પાપને અનુકૂળ સહકારી સામગ્રી પ્રાપ્ત ન થઈ શકે, તોપણ તે હિંસાથી બંધાયેલું પાપકર્મ પ્રદેશથી ઉદયમાં આવીને ફળ આપ્યા વગર નાશ પામી શકે. **॥૪॥**

**અવતરણિકા :-**

**(i) એક જીવ હિંસા કરે અને ફળ ઘણા જીવોને મળે, એ પ્રકારના અનેકાન્તને=ઘણાને ફળ મળે અને એકને પણ ફળ મળે, એ પ્રકારના અનેકાન્તને, બતાવવા અર્થે અને (ii) ઘણા જીવો હિંસા કરે અને ફળ એકને મળે એ પ્રકારના અનેકાન્તને=ફળ એકને મળે અને ઘણાને પણ મળે, એ પ્રકારના અનેકાન્તને, બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**एकः करोति हिंसां, भवन्ति फलभोगिनस्तथा बहवः ।**
**बहवो विदधति हिंसां, हिंसाफलभुग् भवत्येकः ।।५।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વાર્ધ :-**

**એક જીવ હિંસા કરે છે અને ફળને ભોગવનારા ઘણા જીવો થાય છે.**

**ઉત્તરાર્ધ :-**

**ઘણા જીવો હિંસા કરે છે અને હિંસાના ફળને ભોગવનાર એક જીવ થાય છે. ।।૫।।**

ભાવાર્થ :-

**પૂર્વાર્ધ – એક જીવ હિંસા કરે, ફળ ઘણા જીવને મળે :-**

(i) કોઈ એક જીવ હિંસા કરે છતાં તે હિંસા કરવામાં સહાય કરનારા કે અન્ય રીતે સંકળાયેલા ઘણા લોકોને તે હિંસાના ફળરૂપે આ ભવમાં દંડ મળે છે.

જેમ –

કોઈ એક રાજાએ કોઈક ચોર આદિની હિંસા કરી હોય અને તે ચોર વ્યંતર આદિ થાય અને આખા નગરનો નાશ કરે ત્યારે હિંસા કરનાર એક હોય અને તેના ફળને ભોગવનાર આખું નગર હોય છે.

(ii) વળી, કોઈ એક જીવ હિંસા કરે અને તે હિંસાની અનુમોદના ઘણા જીવો કરે, અને તે સર્વ તે હિંસાની અનુમોદનાથી પાપ બાંધીને જન્માંતરમાં તે હિંસાના ફળના ભોગવનારા બને, ત્યારે હિંસા કરનાર એક અને હિંસાના ફળને ભોગવનારા અનેક જીવો પ્રાપ્ત થાય છે.

**ઉત્તરાર્ધ – ઘણા જીવો હિંસા કરે અને ફળ એક જીવને મળે :-**

(i) ઘણા પુરુષો ભેગા મળીને કોઈની હિંસા કરે છતાં રાજપુરુષાદિથી તે હિંસા કરનારમાંથી કોઈ એક પુરુષ જ પકડાય, તો તેને હિંસાનું ફળ મળે, અને અન્યને હિંસાનું ફળ ન મળે. તે સ્થાનમાં ઘણાએ હિંસા કરી અને હિંસાના ફળને ભોગવનાર એક પુરુષ થાય છે.

(ii) વળી, ઘણા જીવોએ ભેગા થઈને હિંસા કરી હોય અને તેમાંથી રાજપુરુષાદિથી એક પુરુષ પકડાયેલો હોય અને આ ભવમાં તે હિંસાનું ફળ તેને પ્રાપ્ત થાય; પણ તે વખતે જે બધા પુરુષોએ હિંસા કરી તે સર્વ પુરુષોને પોતપોતાના અધ્યવસાય પ્રમાણે હિંસાજન્ય પાપ બંધાયેલું, આમ છતાં જો તેઓ પશ્ચાત્તાપ આદિથી શુદ્ધ થઈ જાય તો તે કરાયેલી હિંસાનું ફળ પરલોકમાં પણ તે કોઈને મળે નહિ. માત્ર હિંસા કરનારમાંથી જે પુરુષ પકડાયો તેને આ ભવમાં હિંસાનું ફળ પ્રાપ્ત થયું, તે સિવાય હિંસા કરનારમાંથી કોઈને આ ભવમાં ફળ મળ્યું નહિ અને પરભવમાં પણ ફળ મળ્યું નહિ.

(iii) વળી, ઘણા જીવોએ ભેગા થઈને હિંસા કરેલી હોય અને આ ભવમાં રાજપુરુષાદિથી કોઈ એક પુરુષ પકડાયો. તેને આ ભવમાં હિંસાનું ફળ મળ્યું; અને હિંસા વખતે બધાએ બાંધેલું પાપકર્મ પશ્ચાત્તાપ આદિથી વિશુદ્ધ થયેલું ન હોય, આમ છતાં તે બધા હિંસા કરનાર જીવોએ અન્ય કોઈ બળવાન પુણ્યપ્રકૃતિ બાંધી હોય અને તેના કારણે હિંસાથી થયેલા પાપને ઉદયમાં લાવવા માટે અનુકૂળ દ્રવ્ય ક્ષેત્ર ન મળે, તો પાપપ્રકૃતિ પ્રદેશથી ઉદયમાં આવીને નાશ પામે, પરંતુ હિંસા કરનાર તે પુરુષોમાંથી કોઈને હિંસાનું ફળ જન્માંતરમાં ન મળે. આ સ્થાનમાં પણ ઘણાએ હિંસા કરી અને ફળ ભોગવનાર એક પુરુષ પ્રાપ્ત થાય છે.

(iv) વળી, ઘણા જીવોએ કોઈ હિંસા કરી હોય અને આ ભવમાં રાજપુરુષાદિથી કોઈ પકડાય નહિ, તેથી આ ભવમાં કોઈને હિંસાના ફળની પ્રાપ્તિ થઈ નહિ. આમ છતાં તે હિંસા કરનારમાંથી કોઈ એક પુરુષને હિંસાનું ફળ પરભવમાં મળે અને અન્ય પુરુષોને પશ્ચાત્તાપ આદિથી શુદ્ધિ થવાથી તે હિંસાનું ફળ અન્ય ભવમાં મળતું નથી. આ સ્થાનમાં હિંસા કરનાર ઘણા હોય છે અને હિંસાનું ફળ ભોગવનાર એક પુરુષ હોય છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**કોઈક પુરુષથી કરાયેલી હિંસાથી હિંસા કરનારને હિંસાનું ફળ મળે છે, તો કોઈક પુરુષથી કરાયેલી તે જ હિંસાથી હિંસા કરનારને અહિંસાનું ફળ મળે છે, એ પ્રકારના સ્યાદ્વાદને બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**कस्यापि दिशति हिंसा, हिंसाफलमेकमेव फलकाले ।**
**अन्यस्य सैव हिंसा, दिशत्यहिंसाफलं विपुलम् ।।६।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વાર્ધ :-**

**કોઈકની હિંસા ફળકાળમાં હિંસાનું ફળ પણ એક જ આપે છે.**

**ઉત્તરાર્ધ :-**

**અન્યની તે જ હિંસા વિપુલ અહિંસાના ફળને આપે છે. ॥૬॥**

❖ અહીં '**कस्यापि**' માં રહેલા '**अपि**' શબ્દનું યોજન '**हिंसाफलम्**' સાથે છે. તેથી **हिंसाफलमपि** માં જોડાયેલા '**अपि**' શબ્દથી એ કહેવું છે કે કોઈકની હિંસા હિંસાનાં અનેક વખત ફળો આપે છે, પરંતુ કોઈકની હિંસા હિંસાના ફળને પણ એક જ વખત આપે છે.

**ભાવાર્થ :-**

**પૂર્વાર્ધ-હિંસાનું ફળ એક જ વખત :-**

કોઈક પુરુષે કોઈક પ્રકારની હિંસા કરી હોય અને તે કર્મ વિપાકમાં આવે ત્યારે તે હિંસાનું ફળ તે પુરુષને એક જ વખત મળે છે.

આશય એ છે કે હિંસા કરતી વખતે સામાન્યથી જીવ કોટાકોટી સાગરોપમની સ્થિતિ બાંધે છે અને તે પ્રમાણે તે કર્મ સત્તામાં પડેલું હોય છે. તે બંધાયેલું કર્મ તે રીતે જો વિપાકમાં આવે તો કોટાકોટી સાગરોપમ સુધી તે હિંસાના ફળની પ્રાપ્તિ થાય. અર્થાત્ તે હિંસાનું ફળ કોટાકોટી સાગરોપમ સુધી અનેક વખત અનેક ભવો સુધી પ્રાપ્ત થાય, પરંતુ બંધાયેલું કર્મ અનુકૂળ દ્રવ્ય, ક્ષેત્ર આદિને પામીને વિપાકમાં આવે છે, તેથી જે જીવો હિંસા કરે છે તેઓને પણ તે હિંસાનું કર્મ જ્યારે જ્યારે અનુકૂળ દ્રવ્ય, ક્ષેત્રાદિ મળે ત્યારે ત્યારે વિપાકમાં આવે છે અને તે સિવાયના કાળમાં અનુકૂળ દ્રવ્ય, ક્ષેત્ર નહિ મળવાથી તે કર્મ પ્રદેશથી ઉદયમાં આવીને ફળ આપ્યા વગર નાશ પામે છે. તેથી બંધાયેલું કર્મ અનેક વખત ફળ આપી શકે તેવા સામર્થ્યવાળું ન હોય અથવા તો અનેક વખત ફળ આપવાને અનુકૂળ દ્રવ્ય, ક્ષેત્ર આદિની પ્રાપ્તિ ન થઈ હોય, તો તે કર્મ એક જ વખત ફળ આપે છે અથવા તો હિંસા કર્યા પછી પશ્ચાત્તાપ આદિથી તે કર્મ નષ્ટપ્રાયઃ થયેલું હોય છતાં જે કાંઈ અવશેષ રહેલું હોય તે ફળકાળમાં એક જ વખત અનર્થની પ્રાપ્તિરૂપ ફળ આપે છે, પરંતુ તે હિંસાનું ફળ તે જીવને અનેક વખત પ્રાપ્ત થતું નથી.

આનાથી એ ફલિત થાય કે કેટલાક જીવોએ સમાન હિંસા કરી હોય અને સમાન અધ્યવસાયથી સમાન કર્મો બાંધ્યાં હોય તોપણ તે જીવોમાંથી કેટલાક જીવોને તે હિંસા અનેક વખત અનર્થની પ્રાપ્તિરૂપ ફળ આપે છે, તો કોઈક

જીવને ફક્ત એક જ વખત અનર્થની પ્રાપ્તિરૂપ ફળ આપે છે. આ પ્રકારનો હિંસાના ફળની પ્રાપ્તિમાં અનેકાન્ત છે.

**ઉત્તરાર્ધ-હિંસાનું ફળ વિપુલ અહિંસા :-**

શ્લોકના પૂર્વાર્ધમાં બતાવ્યું કે કોઈક જીવ હિંસા કરે તે હિંસાનું ફળ તેને એક જ વખત મળે છે. શ્લોકના ઉત્તરાર્ધમાં બતાવે છે કે તે જ હિંસા કોઈ અન્ય જીવ કરે તો હિંસા કરનારને વિપુલ અહિંસાનું ફળ મળે છે.

આશય એ છે કે શ્લોકના પૂર્વાર્ધમાં બતાવેલ હિંસા કરનાર પુરુષે હિંસાથી પાપ બાંધેલું, જેનું તે પુરુષને એક વખત ફળ મળેલું; અને તેવી જ હિંસા ધર્મના પ્રયોજન અર્થે કોઈક અન્ય જીવ કરે તો તે હિંસાથી પાપ બંધાતું નથી, પરંતુ વિપુલ અહિંસાનું ફળ મળે છે.

જેમ –

કોઈ શ્રાવક સાધર્મિકવાત્સલ્ય કરે અને પૂર્ણ શાસ્ત્રવિધિ અનુસાર તે પ્રવૃત્તિ કરે, અને અધ્યવસાયની પણ પૂર્ણ વિશુદ્ધિ હોય, અને સાધર્મિકવાત્સલ્યમાં અનાવશ્યક આરંભના પરિહાર અર્થે પૂર્ણ યતના હોય, તો તે સાધર્મિકવાત્સલ્યમાં થતી વિરાધનાથી વિપુલ અહિંસાના ફળરૂપ નિર્જરાની પ્રાપ્તિ થાય છે. તેમ કોઈપણ પ્રકારની હિંસા પૂર્ણ શાસ્ત્રવિધિ અનુસાર યતનાપૂર્વક ધર્મની વૃદ્ધિના પ્રયોજનથી કરવામાં આવેલી હોય તો તે પ્રવૃત્તિથી વિપુલ અહિંસાનું ફળ મળે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કોઈક જીવથી કરાયેલી હિંસા એક વખત અનર્થની પ્રાપ્તિરૂપ ફળ આપે છે, તો વળી કોઈક જીવથી કરાયેલી તે જ પ્રકારની હિંસા વિપુલ નિર્જરારૂપ ફળને આપે છે, એ પ્રકારનો સમાન હિંસામાં અનેકાન્ત છે.

અહીં વિશેષ એ છે કે ત્રણ પ્રકારના જીવોએ સમાન પ્રકારનું સાધર્મિકવાત્સલ્ય કરેલું હોય, આમ છતાં તેમાંથી --

(i) કોઈ એકને સાધર્મિકમાં રહેલા ગુણોનું બહુમાન નથી, પરંતુ ફક્ત પોતાના સામાજિક મોભા પ્રમાણે તે સાધર્મિકવાત્સલ્ય કરે છે. તે વખતે પોતાનો સામાજિક મોભાનો અધ્યવસાય હોવાથી તે સાધર્મિકની ભક્તિથી નિર્જરા થતી

નથી, પરંતુ તે સાધર્મિકવાત્સલ્યમાં થયેલી હિંસાથી કર્મબંધની પ્રાપ્તિ થાય છે. વળી, તે હિંસાથી બંધાયેલું પાપકર્મ તે જીવને અનેક ભવો સુધી અનેક વખત અનર્થનું ફળ આપે છે.

(ii) વળી, કોઈ અન્ય જીવે તેવા જ આશયથી સાધર્મિકવાત્સલ્ય કરેલું હોય, આમ છતાં અશુભ અધ્યવસાય તેવો તીવ્ર ન હોય તો સાધર્મિકવાત્સલ્યમાં થયેલી હિંસાનું અશુભ ફળ અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિનું બંધાયેલું હોવા છતાં અનેક વખત ફળ આપવા માટે સમર્થ બને નહિ, પરંતુ એક વખત તે હિંસાનું અનર્થકારી ફળ મળે છે.

(iii) વળી, કોઈ વિવેકી શ્રાવકે તે જ પ્રકારનું સાધર્મિકવાત્સલ્ય કરેલું હોય, પરંતુ વિવેકવાળું અંતઃકરણ હોવાથી સાધર્મિકમાં રહેલા તે તે ગુણોના બહુમાનપૂર્વક અને શાસ્ત્રની સર્વ વિધિઓ સમ્યગ્ જાણીને તે વિધિ અનુસાર સાધર્મિકવાત્સલ્ય કરેલું હોય, અને સાધર્મિકભક્તિમાં અનુપયોગી એવી હિંસાના પરિહાર અર્થે સર્વ ઉચિત યતનાનું પાલન કરેલું હોય, તો તે સાધર્મિકવાત્સલ્યથી થતી હિંસાથી લેશ પણ પાપબંધ થતો નથી, પરંતુ સાધર્મિકના ગુણોનો પક્ષપાત હોવાથી અને વિવેકવાળું અંતઃકરણ હોવાથી વિપુલ નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**હવે અહિંસાની પ્રવૃત્તિમાં પણ અનેકાન્ત બતાવે છે –**

**શ્લોક :-**

**हिंसाफलमपरस्य तु, ददात्यहिंसा फलं तु परिणामे ।**
**इतरस्य पुनर्हिंसा (पुनरहिंसा), दिशत्यहिंसाफलं नान्यत् ।।७।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વાર્ધ :-**

**વળી, અપરની અહિંસા, પરિણામમાં હિંસાફળ છે જેને એવા ફળને આપે છે.**

**ઉત્તરાર્ધ :-**

**વળી, ઈતરની અહિંસા અહિંસાનું ફળ આપે છે, અન્ય કાંઈ આપતી નથી. ॥૭॥**

✤ શ્લોકના ઉત્તરાર્ધમાં '**पुनर्हिंसा**' ના સ્થાને '**पुनरहिंसा**' પાઠ હોવો જોઈએ.

**ભાવાર્થ :-**

**પૂર્વાર્ધ-હિંસાના ફળવાળું એવું અહિંસાનું તુચ્છ ફળ :-**

કેટલાક જીવો કોઈક નિમિત્તને પામીને સંયમ પણ ગ્રહણ કરે, અહિંસાનું પણ પાલન કરે, આમ છતાં કર્મની પ્રચુરતાને કારણે પોતાની કોઈક વિપરીત માન્યતામાં અનિવર્તનીય રાગ હોય, જેને શાસ્ત્રીય શબ્દમાં 'અસદ્ગ્રહ' કહેવાય છે, તે અસદ્ગ્રહના કારણે તેમનામાં રહેલું મિથ્યાત્વ તેઓ સ્થિર કરે છે. તેથી સંયમજીવનમાં અહિંસાનું પાલન કરીને તુચ્છ કોટિનું પુણ્ય બાંધે છે અને તેના ફળરૂપે જ્યારે દેવભવ કે મનુષ્યભવમાં ભૌતિક સુખની સામગ્રી મેળવે છે, ત્યારે અહિંસાના પાલનકાળમાં વર્તતું મિથ્યાત્વ પણ વિપાકમાં આવે છે, જેથી મિથ્યાત્વથી આચ્છાદિત બુદ્ધિવાળા તે જીવો ઘણી હિંસા કરીને દુરંત સંસારમાં ભટકે છે. આ રીતે તેઓનું અહિંસાનું પાલન હિંસાના ફળની પરંપરાનું કારણ બને તેવા અહિંસાના તુચ્છ ભૌતિક સુખસામગ્રીરૂપ ફળને આપનાર છે અર્થાત્ તેઓનું અહિંસાના પાલનથી બંધાયેલું પુણ્ય "પાપાનુબંધી પુણ્ય" છે.

વળી, કેટલાક જીવો સંયમ ગ્રહણ કરીને અહિંસાનું પાલન કરે છે, જેના ફળરૂપે દેવભવ કે મનુષ્યભવમાં ભૌતિક સુખસામગ્રી મેળવે છે, અને તે ભૌતિક સામગ્રી મેળવીને ઘણાં પાપો કરીને નરકમાં જાય છે, તોપણ નરકમાંથી નીકળીને જો માર્ગની પ્રાપ્તિ કરે તો હિંસાના ફળની પરંપરા ચાલતી નથી, તોપણ હિંસાના ફળવાળું એવું તે અહિંસા પાલનનું તુચ્છ ફળ છે.

વળી, કેટલાક જીવો સંયમ ગ્રહણ કરેલ હોવાથી ષટ્કાયના પાલનમાં ઉદ્યમવાળા હોય છે. આમ છતાં મિથ્યાત્વના કારણે શાસનનું માલિન્ય થાય તેવી પ્રવૃત્તિ કરતા હોય, કે ઉત્સૂત્ર ભાષણ કરતા હોય, ત્યારે સાક્ષાત્ કોઈ જીવને મારવાનો અધ્યવસાય નથી, છતાં પોતાની પ્રવૃત્તિથી માર્ગનો નાશ કરશે, અને ઘણા જીવોનું અહિત થશે, તેની ઉપેક્ષા હોવાથી હિંસાના ફળભૂત

સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરે છે. તેવા જીવોને સંયમ પાલનથી જે સંસારના સુખો મળે છે, તે પણ હિંસાના ફળવાળું એવું અહિંસાના પાલનનું તુચ્છ ફળ છે.

આ રીતે ત્રણે પ્રકારના જીવો સંયમ ગ્રહણ કરીને કે અન્ય રીતે અહિંસાનું પાલન કરે છે, તે અહિંસાનું ફળ તુચ્છ પુણ્ય છે, જે વિપાકમાં આવે ત્યારે પાપનું કારણ બને તેવી ભૌતિક સામગ્રી આપે છે. તેથી તેવા જીવોને હિંસાના ફળવાળું એવું અહિંસાના પાલનનું ફળ પ્રાપ્ત થાય છે.

**ઉત્તરાર્ધ-અહિંસામાં અહિંસાનું સામાન્ય ફળ :-**

વળી, કેટલાક જીવો અહિંસાનું પાલન કરે છે અને તે અહિંસાના પાલનથી પુણ્ય બાંધે છે, અને તેના ફળરૂપે બીજા ભવમાં ભૌતિક સુખસામગ્રી પ્રાપ્ત કરે છે; પરંતુ તે ભૌતિક સુખસામગ્રી પ્રાપ્ત કરીને ઘણાં પાપો કરીને દુર્ગતિમાં જતા નથી કે તે અહિંસાના પાલનથી બંધાયેલું પુણ્ય ઉત્તરોત્તર વૃદ્ધિ થઈને મોક્ષનું કારણ બને તેવું પણ નથી.

આવા જીવોએ જે અહિંસા પાળી તેનાથી આવા બંધાયેલા પુણ્યના ફળને માત્ર તેઓ ભોગવે છે, પરંતુ અન્ય કોઈ અનર્થની પરંપરા પ્રાપ્ત કરતા નથી. આવા જીવોનું અહિંસાનું પાલન હિંસાના અનુબંધવાળું પણ નથી અને અહિંસાના અનુબંધવાળું પણ નથી.

આવા જીવોને કોઈક નિમિત્તે ઉપદેશાદિની સામગ્રી મળે તો મોક્ષમાર્ગને પ્રાપ્ત પણ કરી શકે અને ઉપદેશાદિની સામગ્રી ન મળે તો મોક્ષમાર્ગને પ્રાપ્ત ન પણ કરે; કેમ કે તેઓમાં વર્તતું મિથ્યાત્વ એવું દૃઢ નથી કે જે પાપની પરંપરા ચલાવે. **॥૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧ થી ૭ સુધી હિંસાના ફળમાં અને અહિંસાના ફળમાં કઈ રીતે અનેકાન્ત છે તે બતાવ્યું. હવે સર્વ કથનનું નિગમન કરતાં કહે છે –**

**શ્લોક :-**

**इति विविधभङ्गगहने, सुदुस्तरे मार्गमूढदृष्टीनाम् ।**
**गुरवो भवन्तु शरणं, प्रबुद्धनयचक्रसञ्चाराः ।।८।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રકારના વિવિધ ભાંગાઓથી ગહન અને સુદુસ્તર એવા ભગવાનના વચનરૂપ માર્ગમાં=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે હિંસા અને અહિંસાના વિવિધ વિકલ્પોથી ગહન અને અતિ દુઃખે કરીને જે માર્ગના પારને પામી શકાય એવા ભગવાનના વચનરૂપ માર્ગમાં, માર્ગમૂઢદૃષ્ટિવાળા જીવોને=ભગવાનના વચનરૂપી માર્ગમાં યથાર્થ નિર્ણય કરવા માટે મોહ પામેલી એવી દૃષ્ટિવાળા જીવોને, પ્રબુદ્ધ-નયચક્ર-સંચારવાળા ગુરુઓ= પ્રકૃષ્ટ રીતે બોધ કર્યો છે નયોની વ્યવસ્થાના સંચારનો જેમણે એવા ગુરુઓ શરણ થાઓ. ।।૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વના સાત શ્લોકોમાં બાહ્ય હિંસા કરવા છતાં હિંસાનું ફળ પ્રાપ્ત થાય કે ન પણ થાય, એમ બતાવ્યું, અને બાહ્ય અહિંસાનું પાલન કરવા છતાં હિંસાનું ફળ પ્રાપ્ત થાય તેમ પણ બતાવ્યું, અથવા અહિંસાનું ફળ પણ અનેક પ્રકારે પ્રાપ્ત થાય તેમ બતાવ્યું. આ પ્રકારના અનેક વિકલ્પોથી ગહન એવું હિંસા-અહિંસાનું સ્વરૂપ ભગવાનના શાસ્ત્રમાં સ્યાદ્વાદદૃષ્ટિએ બતાવેલું છે.

વળી, સ્યાદ્વાદદૃષ્ટિથી હિંસા-અહિંસાનો યથાર્થ બોધ કરીને હિંસાનો ત્યાગ અને અહિંસાનું પાલન કરવું અતિ દુસ્તર છે, અને મહાસત્ત્વશાળી જીવો જ ભગવાનના વચનનો યથાર્થ બોધ કરીને ભગવાને બતાવેલા દુસ્તર એવા માર્ગનું સેવન કરીને પૂર્ણ અહિંસાના પાલનનું ફળ પૂર્ણ સુખમય એવા મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

વળી, જેઓ ભગવાનના વચનનું સેવન કરીને પૂર્ણ સુખમય એવા મોક્ષના સુખને પ્રાપ્ત કરવાના અર્થી છે, આમ છતાં ભગવાનના શાસનમાં બતાવાયેલ હિંસા અને અહિંસાના સ્વરૂપનો નિર્ણય કરવામાં મોહ પામેલી દૃષ્ટિવાળા છે, તેઓ ભગવાનના શાસનનું અવલંબન લઈને પણ અહિંસામાં ઉદ્યમ કરતા હોય તોપણ અહિંસાના પરમાર્થને જાણતા નહિ હોવાથી હિંસાના ફળને પ્રાપ્ત કરે છે. તેવા જીવોને પ્રબુદ્ધ નયચક્રના સંચારવાળા એવા ગુરુઓ શરણ થાઓ.

આશય એ છે કે ભગવાનના શાસનમાં અનેક દૃષ્ટિકોણથી હિંસા અને અહિંસાનું સ્વરૂપ બતાવાયું છે, જે અનેક પ્રકારની નયદૃષ્ટિઓ છે; અને તે

નયદૃષ્ટિઓના રહસ્યને જેમણે પ્રાપ્ત કરેલ છે, એવા ગુરુઓ પારમાર્થિક અહિંસાપાલનનો માર્ગ બતાવીને ઉચિત સ્થાને ઉચિત પ્રવૃત્તિ કરાવીને, યોગ્ય જીવોને અહિંસાના ફળની પ્રાપ્તિ દ્વારા સુખમય એવા મોક્ષની પ્રાપ્તિ કરાવવા કારણ બને છે.

વળી, જે ગુરુઓ ભગવાને બતાવેલી નયદૃષ્ટિનો પરમાર્થ જાણતા નથી, તેઓ કલ્યાણના અર્થી જીવોને પણ સ્થૂલથી અહિંસાનું પાલન કરાવીને પણ હિંસાના ફળની પરંપરારૂપ દુર્ગતિઓની પરંપરાનું કારણ બને છે. તેથી તેવા ગુરુઓ ક્યારેય પણ શરણ બને નહિ.

અહીં વિશેષ એ છે કે શબ્દાદિ ત્રણ નયોથી નિર્વિકલ્પ ઉપયોગમાં આત્માને ધારણ કરવો તે અહિંસા છે, અને નિર્વિકલ્પ ઉપયોગથી વિપરીત એવા રાગાદિના વિકલ્પમાં આત્માને ધારણ કરવો તે હિંસા છે.

વળી, ઋજુસૂત્રનયથી ષટ્કાયના પાલનમાં વર્તતો અપ્રમાદભાવ અહિંસા છે, અને ષટ્કાયના પાલનમાં અપ્રમાદ ન હોય અને બાહ્યથી અહિંસાનું પાલન હોય તોપણ ઋજુસૂત્રનય તે બાહ્ય અહિંસાના પાલનને હિંસા કહે છે.

વળી, વ્યવહારનયથી પોતાના દ્વારા અન્ય જીવોના પ્રાણનો નાશ થાય તે હિંસા છે, અને પોતાના દ્વારા અન્ય જીવોના પ્રાણનો નાશ ન થાય તો અહિંસાનું પાલન છે, તેમ વ્યવહારનય કહે છે.

આ પ્રકારે વ્યવહારનયની અહિંસા, ઋજુસૂત્રનયની અહિંસા અને શબ્દાદિ નયોની અહિંસાનું સ્વરૂપ કઈ રીતે પરસ્પર કાર્યકારણ ભાવરૂપે સંકળાયેલું છે, તેનો યથાર્થ બોધ કરીને વળી સંયમજીવન વિષયક ઉત્સર્ગ-અપવાદને યથાસ્થાને જોડીને અને સ્વભૂમિકાદિનું આલોચન કરીને અહિંસામાં ઉદ્યમ કરવામાં આવે તો અહિંસાનું પાલન થાય.

આ રીતે અહિંસાના પાલનમાં અને હિંસાના પરિહારમાં સમ્યક્ ઉદ્યમ કરવા માટે જીવોને નયોની દૃષ્ટિના પરમાર્થને જાણનારા ગુરુઓ જ એક માત્ર શરણ છે. **॥૮॥**

❖ ✦ ❖

गीतार्थ गंगा

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY